કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 7 | જૂન-જુલાઈ 2024

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

કેન્દ્રમાં હવે ત્રીજીવાર નરેન્દ્ર મોદી સરકાર

બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ

શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી

શ્રી જીવણભાઈ બી. આહિર
વાઇસ ચૅરમૅનશ્રી

શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર

શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA

શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા

શ્રી જશાભાઈ બી. બારડ

શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ

શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ

શ્રી મંગળસિંહ આર. પરમાર

શ્રી કાનભા એફ. ગોહિલ

શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ

શ્રી વીરજીભાઈ કે. કુંભર

શ્રી હરદેવસિંહ ટી. જાડેજા

શ્રી નટવરસિંહ એસ. મહીડા

શ્રી ગણપતસિંહ બી. સોલંકી

શ્રી સુરેશભાઈ ડી. પટેલ

શ્રી રામજીભાઈ એચ. ચૌધરી

શ્રી જિગ્નેશકુમાર એન. ઠાકોર

શ્રી કમલ શાહ IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય

શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ

શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મૅનેજિંગ ડિરેક્ટરશ્રી

શ્રી પી. એમ. ચૌધરી
જૉઈન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી

ડોલર કોટેચા
ચેરમેન

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર
એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ., અમદાવાદ

આપના શુભ જન્મદિવસની શુભકામનાઓ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
(મુખ્યમંત્રી, ગુજરાત)

ईश्वरः त्वां च सदा रक्षदु,
पुण्यकर्मणा कीर्तिमार्जय।
जीवनम् तव भवतु सार्थकं,
इति सर्वदा मुदम् प्रार्थयामहे॥
जन्मदिवसस्य कोटिशः शुभकामनाः॥

આપના જન્મદિવસની મારા અંતરના ઊંડાણપૂર્વકની ખૂબ ખૂબ શુભકામનાઓ.

ગુજરાતના અહોભાગ્ય છે કે આપ સરીખું સૌમ્ય અને મકકમ નિર્ણય લેનારું વ્યક્તિત્વ પ્રજાને પ્રાપ્ત થયું છે.

ગૌરવવંતા રાજ્યની ગરિમા સમાન નેતૃત્વ એ નાગરિકોમાં આપની ઓળખ અને ઓજસ છે. આપના કાર્યકાળમાં સતત આપના લોકકલ્યાણના કાર્યની અમીટ છાપ હરહંમેશ અનુભવાય છે.

સાથી કાર્યકરોમાં કોઈ પણ માટે એક નૂતન આશાનું કિરણ એટલે ભુપેન્દ્રભાઈ એવી ઓળખ એ આપની ખરી પ્રતિભા છે. રાજ્યના તમામ ક્ષેત્રોને આપના નેતૃત્વમાં નોંધનીય સિદ્ધિ હાંસલ થઈ છે.

ખંતીલા અને હિમ્મતવાન ગુજરાતીઓ માટે આપ એક દિવાદાંડી સમાન છો અને ભવિષ્યમાં પણ રહેશો.

આજ આપના જન્મ દિને આપને કોટીકોટી વંદન અને પરમકૃપાળુ પરમાત્મા પાસે આપના દીર્ઘાયુ, નિરોગી અને પ્રસન્ન જીવન માટે શુભકામનાઓ.

દાદા ભગવાન સદૈવ આપના પર કૃપાવાન રહે અને આપને અખૂટ બળ આપતા રહે તેવી અભ્યર્થના સહ: શુભકામનાઓ...

આપનો સદૈવ ઋણી,

ડોલર કોટેચા

હે.ઓ.: નહેરૂ બ્રીજ કોર્નર સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ઈ-મેઈલ : info@gscardbank.org • મોબાઈલ : ૯૯૨૪૧ ૧૮૯૦૦, ૯૪૨૬૮ ૧૮૯૦૦ • વેબસાઈટ : www.khetibank.org

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જન્મદિવસે અડાલજ ત્રિમંદિરમાં દર્શન કર્યા

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 15 જુલાઈના રોજ તેમના જન્મ દિવસે અડાલજના ત્રિમંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસની શરૂઆત કરી હતી. આ મંદિરમાં તેમણે તીર્થંકર સીમંધર સ્વામી, દેવી-દેવતાઓ અને પૂજ્ય દાદા ભગવાનને વંદન કર્યા હતા અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. જન્મ દિવસે તેમણે સમગ્ર ગુજરાતના નાગરિકોના સ્વાસ્થ્ય, સુખાકારી, સમૃદ્ધિ અને વિકાસ માટે પણ પ્રાર્થના કરી હતી.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના 62મા જન્મ દિવસ નિમિત્તે ખેતી બેન્કના જનરલ મેનેજર શ્રી કે.બી પટેલે મુખ્યમંત્રીશ્રીને મળીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને ખેતી બેન્કના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા વતી શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જન્મદિવસે ખેતી બેન્કે આપી 62 વૃક્ષોની ભેટ

ગુજરાતના 'મૃદુ' અને 'મક્કમ' મુખ્યમંત્રી પર્યાવરણને બચાવવા માટે વિશેષરૂપે પ્રયત્નશીલ છે. આથી જ તેમના જન્મદિવસે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ તેમને વૃક્ષારોપણની ભેટ આપવાની પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીના 62મા જન્મ દિવસ નિમિત્તે ખેતી બેન્કની વડી કચેરી પર 62 વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વર્ષ જેટલા જ વૃક્ષો વાવીને ખેતી બેન્કે તેમના દીર્ઘાયુની મંગલકામના કરી હતી.

ગાંધીનગરમાં 'સહકારથી સમૃદ્ધિ' નો બુલંદ નારો

2 લાખ પંચાયતોમાં PACS બનાવવાની અમિત શાહની જાહેરાત

કેન્દ્રીય મંત્રી અમિત શાહે 102મા આંતરરાષ્ટ્રીય સહકાર દિનના સમારોહમાં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં હાજરી આપી

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા ગુજરાતના ખેડૂતો માટે નેનો યુરિયા પર 50 ટકા સબસિડીની જાહેરાત

આગામી સમયમાં સહકારી માળખાને સુદૃઢ બનાવવા માટે અનેક પહેલ હાથ ધરવામાં આવશે.

આવનારા 100 વર્ષ સુધી સહકાર ક્ષેત્રને જોમવંતુ રાખવા માટેની નરેન્દ્ર મોદી સરકારની તૈયારી

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે 6 જુલાઈના રોજ ગુજરાતના ગાંધીનગરમાં 102મા આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી. આ પ્રસંગે ગુજરાત અને દેશભરના સહકાર ક્ષેત્રમાંથી મોટી સંખ્યામાં અગ્રણીઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહે ગુજરાત સરકાર વતી ખેડૂતો માટે એક મોટી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા નેનો યુરિયાની ખરીદી પર 50 ટકા સબસિડી આપવામાં આવશે. સરકારે આ પગલું ખેડૂતોને નેનો યુરિયાના વપરાશ માટે પ્રોત્સાહન આપવા લીધું છે. આ એક તીરથી બે નિશાન સાધવાનો સરકારનો આશય છે. નેનો યુરિયાનો પાક પર છંટકાવ કરાય તો પછી જમીનમાં યુરિયા નાંખવાની જરૂર પડતી નથી. આ કારણે પાક વધારે સારો થાય છે અને સાથે સાથે યુરિયાને કારણે ફેલાતા જમીન પ્રદૂષણ પર પણ રોક લાગે છે. વળી, ડ્રોન જેવી અદ્યતન ટેક્નોલોજીથી ખાતરનો છંટકાવ કરવા માટે નેનો યુરિયા જેવા ખાતર શ્રેષ્ઠ છે.

અમિત શાહે પોતાના સંબોધનમાં ખેડૂતોને જણાવ્યું, "પ્રવાહી યુરિયા અને પ્રવાહી ડીએપી પાકને પોષણ આપવા માટે પૂરતા છે. આ નાંખ્યા પછી અલગથી યુરિયા નાંખવાની જરૂર નથી પડતી." આ પહેલથી ભારત દેશના લોકોને પણ મોટો ફાયદો થશે. રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટતા તેમનું આરોગ્ય સુધરશે. આ ઉપરાંત નેનો યુરિયા ડ્રોન જેવી અત્યાધુનિક ટેક્નોલોજીથી છાંટી શકાય તે માટે ભારત સરકારે "પ્રધાન મંત્રી ડ્રોન દીદી યોજના" પણ લોન્ચ કરી છે. આ યોજના અંતર્ગત ગામડાની બહેનોને ડ્રોન ઉડાડવાની, તેનાથી રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાનો છંટકાવ કરવાની અને ડ્રોન રિપેર કરવાની તાલીમ આપવામાં આવશે. ભારત સરકારના આ પ્રયત્નોને કારણે આગામી સમયમાં

ગુજરાતના સહકાર ક્ષેત્રના દિગ્ગજોની કાર્યક્રમમાં ઉપસ્થિતિ

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે છ જુલાઈએ ગુજરાતના ગાંધીનગરમાં 102મા આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે આયોજિત 'સહકાર સે સમૃદ્ધિ' (સહકાર દ્વારા સમૃદ્ધિ) કાર્યક્રમને સંબોધન કર્યું ત્યારે આ કાર્યક્રમમાં ગુજરાતના સહકાર અને રાજકારણ ક્ષેત્રના દિગ્ગજોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, કેન્દ્રના સહકારિતા મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી મુરલીધર મોહોલજી, ગુજરાતના સહકાર મંત્રી જગદીશ પંચાલ, ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચા, ગુજરાતના સહકાર સેલના વડા બિપીન પટેલ(ગોતા), ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, નાફેડના અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, કૃભકોના અધ્યક્ષ ચંદ્રપાલસિંહજી, ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્કના ચેરમેન અજય પટેલ, ગુજરાતની સહકારી બેન્કના ફેડરેશનના પ્રમુખ જ્યોતિન્દ્ર મહેતા, ગુજરાત સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામ અમીન, ,અમૂલના ચેરમેન શ્યામલભાઈ, ભરૂચ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન અરુણસિંહ રાણા, ખેડા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન તેજસ પટેલ અને સહકાર મંત્રાલયનાં સચિવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ખેડૂતો ડ્રોનથી નેનો યુરિયા અને નેનો ડીએપી પાકને આપતા થઈ જશે. વળી, તેમાં સરકારે 50 ટકા સબસિડીની જાહેરાત કરીને આ પહેલને વેગ આપવાનું કામ કર્યું છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે નેનો યુરિયા અને નેનો ડીએપી પર સબસિડી જાહેર કરવા બદલ ગુજરાત સરકારને હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પ્રસંગે કેટલાંક ખેડૂત મિત્રોને નેનો યુરિયાની કીટ સહકારિતા મંત્રીના હસ્તે ભેટ કરવામાં આવી હતી.

રાસાયણિક ખેતી પર કાપ મૂક્યા બાદ ભારત સરકાર જૈવિક ખેતી અને ઓર્ગેનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પણ કમર કસી રહી છે. આ માટે ભારત સરકારે નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ (NOCL)ની સ્થાપના કરી છે. NOCL દ્વારા ઓર્ગેનિક લોટ લોન્ચ કરવામાં આવ્યો છે. અમૂલ દ્વારા દિલ્હી ખાતે ઓર્ગેનિક પ્રોડક્ટ્સની દુકાન શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે આગામી સમયમાં ભારત બ્રાન્ડથી દેશ વિદેશમાં ભારતની ઓર્ગેનિક પ્રોડક્ટ્સ પહોંચતી થશે. પરંતુ અદ્યતન ટેક્નોલોજીથી પ્રોડક્ટની વિશ્વસનીયતાની ખરાઈ કર્યા બાદ જ તેના પર ભારત સ્ટેમ્પ લગાવવામાં આવશે. આમ કરવાથી દેશમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં ભારતની ઓર્ગેનિક પ્રોડક્ટ્સની બોલબાલા વધી જશે. મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે દિલ્હીના મયૂર વિહારમાં આવેલી અમૂલની ઓર્ગેનિક પ્રોડક્ટ્સની દુકાનનું વિમોચન કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે આગામી સમયમાં આખા દેશમાં આવી 100 વધુ દુકાનો ખોલીને ઓર્ગેનિક પ્રોડ્ક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવશે.

છેલ્લા કેટલાંય સમયથી કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહ સહકારી સંસ્થાઓને તેમના નાણાંકીય વ્યવહારો સહકારી સંસ્થા મારફતે જ કરવાની અપીલ કરી રહ્યા છે. તેમણે મહાત્મા મંદિરમાં યોજાયેલા સંમેલનમાં ફરી ભારપૂર્વક સહકારી ક્ષેત્રના અગ્રણીઓને આ વાત કરી હતી. તેમણે જણાવ્યું કે સહકાર ક્ષેત્રના નાણાં સહકાર ક્ષેત્રમાં જ રહેશે તો સહકારી સંસ્થાઓની નાણાંકીય અછત ઓછી થશે, અને તેમને આર્થિક મજબૂતી માટે ખાનગી ક્ષેત્ર કે પછી સરકાર પર પણ નભવાની જરૂર પડશે નહિ.



આ ઉપરાંત સહકારી સંસ્થાઓ પાસે ફંડ વધશે તો ખેડૂતોને વધુ સરળતાથી ધિરાણ થઈ શકશે અને દેશના ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. ભારત સરકારે સી ટુ સી એટલે કે સહકારથી સહકારનો પાયલટ પ્રોજેક્ટ બનાસકાંઠા અને પંચમહાલમાં લોન્ચ કર્યો હતો જેના પરિણામો ઘણા ઉત્સાહજનક છે. સી ટુ સીની પહેલથી આ પંચમહાલ અને બનાસકાંઠાની જિલ્લા અને રાજ્ય સહકારી બેન્કોની થાપણમાં રૂ. 780 કરોડનો વધારો જોવા મળ્યો છે. બનાસકાંઠા-પંચમહાલ જિલ્લાનું ઉદાહરણ ટાંકીને અમિત શાહે જણાવ્યું કે દરેક પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટી (PACS) અને સંસ્થા સહકારી બેન્કમાં ખાતું ખોલાવે અને તેના માધ્યમથી જ નાણાંકીય વ્યવહારો કરે તો સહકાર ક્ષેત્ર આર્થિક રીતે ખૂબ મજબૂત બની શકશે અને ક્ષેત્રના આત્મવિશ્વાસમાં પણ વધારો થશે.

અમિત શાહે તેમના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં દેશમાં ગરીબી ઘટી હોવાનું જણાવતા કહ્યું હતું કે દેશમાં 30 કરોડ લોકો ગરીબીથી મુક્ત થયા છે. વડાપ્રધાન થકી દેશના કરોડો લોકોને ઘર, વીજળી, શૌચાલય, પીવાનું પાણી, મફત અનાજ, ગેસ સિલિન્ડર જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી છે. દૈનિક જરૂરિયાતોની ચિંતા મટતા હવે આ લોકો રોજગારી મેળવીને દેશના વિકાસમાં ફાળો આપવા માંગે છે. આ માટે વડાપ્રધાને 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર આપ્યો છે જેનાથી દેશના 30 કરોડ ગરીબ લોકો આત્મવિશ્વાસ અને આનંદથી જીવી શકે.

અમિત શાહે સહકાર ક્ષેત્રના નેતાઓને ચૂંટણીમાં હાર-જીતની પરવા કર્યા વિના નવા PACSની સ્થાપના કરવા માટે પ્રેરણા આપી હતી. ભારત સરકારનું લક્ષ્ય દરેક રાજ્ય અને જિલ્લામાં PACS બનાવવાનું છે. આગામી પાંચ વર્ષના ગાળામાં સરકાર 2 લાખ પંચાયતોમાં

સહકાર ક્ષેત્ર માટે કેન્દ્ર સરકારે 54 જેટલી પહેલ કરી

ભારત સરકારે દેશના સહકાર ક્ષેત્રને મજબૂત કરવા માટે 54 જેટલી પહેલ હાથ ધરી છે. ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કૃષિ અને સહકાર ક્ષેત્રને આગળ વધારવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોવાનું ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું. ગુજરાત સરકાર પણ સહકાર ક્ષેત્રના વિકાસ માટે ખભેથી ખભા મિલાવીને કામ કરી રહી છે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહુનો સાથ, સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસનું સૂત્ર આપ્યું છે. તેમ જ સહુના પ્રયાસથી સહકારિતાના ક્ષેત્રને નવી દિશા આપી છે. સહુના ભવિષ્યને ઉન્નત બનાવવાનો માર્ગ સરકાર તૈયાર કરી રહી છે. દેશના ખેડૂતોને એજીઆર-2 હેઠળ સહાયતા આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે. દેશની 9300 પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને મલ્ટીપર્પઝ સર્વિસ સેન્ટરમાં રૂપાંતરિત કરી આપવામાં આવ્યા છે. તેને માટે રૂ.2519 કરોડનું બજેટ પણ ફાળવીને વિકાસની નવી કેડી પર લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિશ્વના સૌથી મોટા ગ્રેન સ્ટોરેજનું કામ પણ સહકારિતા મંત્રી અમિત શાહની દેખરેખ હેઠળ ચાલી રહ્યું છે. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ વિરાટ જનઆંદોલન બની ચૂકી છે. ગુજરાતમાં 83000થી વધુ મંડળીઓ કાર્યરત છે. તેની સાથે 2.31 કરોડથી વધુ સભાસદો જોડાયેલા છે. આમ દર ત્રીજો ગુજરાતી સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલો છે. ગુજરાતની સહકારી સંસ્થાઓ મેડિકલ કૉલેજો ચાલુ કરવા સક્રિય બની ચૂકી છે. આમ વિદ્યાર્થીઓના ઘડતરમાં પણ સહકાર ક્ષેત્ર યોગદાન આપતું થયું છે. સહકારી ક્ષેત્રની સફળતા વિકાસના અન્ય ક્ષેત્રમાં પણ મદદરૂપ થવા માંડી છે. અમૂલ અને બનાસ ડેરી જેવી સંસ્થાઓ સહકારને એક વૈશ્વિક જનઆંદોલનનું સ્વરૂપ આપી રહી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને તેની તરફ સહુ ખેડૂતોને લઈ જવા માટે ગુજરાતમાં 412 જેટલી પ્રાકૃતિક ખેતીની સહકારી મંડળીઓ શરૂ થઈ ચૂકી છે. આમ પ્રાકૃતિક ખેતીને પણ સહકારી ઝુંબેશ બનાવી રહી છે.

2 લાખ જેટલી પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટી બનાવવાનું મહત્વકાંક્ષી લક્ષ્ય ધરાવે છે. અમિત શાહે જણાવ્યું કે PACS બનાવવાથી સહકાર ક્ષેત્રનો વિકાસ ઝડપી થશે અને ગામડાના છેવાડાના માનવી સુધી સહકારથી સમૃદ્ધિના લાભ પહોંચાડી શકાશે. PACSની રચના થયા પછી તેને મલ્ટીપર્પઝ બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. એટલે કે તેના મારફતે ખાતર વિતરણ, બેન્કિંગ વ્યવહારો, જનઔષધિ કેન્દ્ર ચાલે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ માટે ભારત સરકારે બાયલોઝ તૈયાર કર્યા છે જે કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધીની PACSને લાગુ પડશે. હાલ દેશમાં 65,000 PACS છે જેમાંથી 48,000 PACSએ તો બહુહેતુક કામગીરી અત્યારથી જ હાથ ધરી છે.

6 જુલાઈ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિ પણ હોવાથી કેન્દ્રીય સહકાર મંત્રીએ આ પ્રસંગે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બહોળા યોગદાનનું સ્મરણ કર્યું હતું. તેમણે એ પણ જણાવ્યું કે 6 જુલાઈ આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ હોવાને કારણે આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સહકારિતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. તેનાથી તેમણે સરદાર પટેલ, મહાત્મા ગાંધી, ગાડગિલજી, વૈકુંઠભાઈ મહેતા અને ત્રિભુવનદાસ પટેલ જેવી વિભૂતિઓના સૈકા જૂના ઉમદા વિચારને પુષ્ટિ આપી હતી. સહકારિતા મંત્રાલયની સ્થાપનાથી સહકાર ક્ષેત્રે નવા પ્રાણ ફૂંકાયા છે. આજે કૃષિ લોનના વિતરણમાં સહકાર ક્ષેત્રનો ફાળો 20 ટકા, ખાતર વિતરણમાં 35 ટકા, ખાતરના ઉત્પાદનમાં 21 ટકા, ખાંડના ઉત્પાદનમાં 21 ટકા, ઘઉંની ખરીદીમાં 12 ટકા અને ડાંગરની ખરીદીમાં 20 ટકા ફાળો છે. આવનારા સમયમાં સરકાર સહકાર ક્ષેત્રનો પાયો મજબૂત બનાવવા માટે અનેક યોજનાઓ હાથ ધરશે. તેનાથી આવનારા સવાસો વર્ષ સુધી ભારત દેશના દરેક ગામ અને ઘર સુધી સહકારની ભાવના અને તેના લાભ પહોંચી શકશે.

પોતાના સંબોધનમાં અમિત શાહે ખેડૂતોને મકાઈ ઉગાડવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે નાફેડ અને NCCF જેવી સંસ્થાઓ દ્વારા ટેકાના ભાવથી મકાઈની ઓનલાઈન ખરીદી કરી લેવામાં આવશે. તેમાંથી ભારત સરકાર ઈથેનોલ બનાવશે જેનાથી પેટ્રોલિયમની આયાત પાછળ ખર્ચાતા વિદેશી હુંડિયામણની મોટી બચત થશે. આ ઉપરાંત નાફેડ અને તેના જેવી સહકારી સંસ્થાઓ 4 પ્રકારના કઠોળની ખરી પણ લઘુતમ ટેકાના ભાવથી કરશે.

તેમના સંબોધનમાં કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે સહકાર ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકારે ત્રણ મલ્ટીસ્ટેટ કોઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી છે. તેમાં ઓર્ગેનિક કમિટી, નિકાસ



ભારતમાં સહકાર ક્ષેત્રનો ફાળો

20%
કૃષિ લોનના વિતરણમાં

35%
ખાતરના વિતરણમાં

21%
ખાંતરના ઉત્પાદનમાં

31%
ખાંડના ઉત્પાદનમાં

12%
ઘંઉની ખરીદીમાં

20%
ડાંગરની ખરીદીમાં

સમિતિ અને બીજ સમિતિનો સમાવેશ થાય છે. તેનાથી ખેડૂતોના જીવન સમૃદ્ધ બનાવી શકાશે. આ ઉપરાંત આવનારા સમયમાં દેશમાં 1100 જેટલા નવા ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO)ની રચના પણ કરવામાં આવશે. આ ઉપરાંત નેશનલ કો ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) ને રૂ. 2000 કરોડના મૂલ્યના બોન્ડ ઈશ્યુ થવાથી હવે સહકારી સંસ્થાઓના કલ્યાણના કામ વધુ અસરકારક રીતે કરી શકાશે. શહેરી સહકારી બેન્કોને હવે વધુ શાખા ખોલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત બેન્ક દ્વારા અપાતી પર્સનલ લોનની મર્યાદા પણ વધારીને બમણી કરી દેવાઈ છે. સહકારી બેન્કોને પુષ્ટ કરવા માટે તેના રોકડની ઉપાડની મર્યાદામાં વધારો કરાયો છે અને આવકવેરાના લાભ આપવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાયદો બનાવીને સહકારી ખાંડ મિલોની રૂ. 15000 કરોડની આવકવેરાની જવાબદારી રદ કરી છે.

સહકાર ક્ષેત્રને પ્રોત્સાહન આપતા તેમણે જણાવ્યું કે 2029માં જ્યારે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણી થાય ત્યારે એક પણ પંચાયત PACS વિનાની ન હોવી જોઈએ. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાને સાકાર કરવા માટે સહકારી મંડળીઓને આગળ ધપાવવાની અપીલ કરી હતી.

ભારતમાં સહકાર ક્ષેત્રનું ફલક

9300
PACS જે મલ્ટી પર્પઝ સેન્ટર તરીકે કાર્યરત છે

રૂ. 2519
જંગી બજેટ સહકાર ક્ષેત્રના વિકાસ માટે

83000
થી વધુ કાર્યરત સહકારી મંડળીઓ ફક્ત ગુજરાતમાં છે

2.31 કરોડ
ભાસદ સાથે ગ્રામીણ ક્ષેત્રે સહકાર ક્ષેત્રની મજબૂત પકડ

3માંથી 1
ગુજરાતી સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલો છે

412
સહકારી મંડળીઓની સ્થાપના ફક્ત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા થઈ છે

કેન્દ્ર સરકાર ઓગસ્ટ મહિનામાં નવી સહકારિતા નીતિ જાહેર કરશે

આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં સંબોધન કરતા કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે ભારત સરકારે નવી રાષ્ટ્રીય સહકારી નીતિ તૈયાર કરી છે. ઓગસ્ટ મહિનામાં નવી નીતિની જાહેરાત કરવામાં આવશે. આ નીતિ તૈયાર કરવાની જવાબદારી ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુના વડપણ હેઠળની કમિટીને સોંપવામાં આવી છે. આ કમિટીએ તેમની દરખાસ્તો સહકાર ખાતાને મોકલી આપી છે. સહકાર ખાતું ટૂંક જ સમયમાં આ અંગે નિર્ણય જાહેર કરશે. આ નીતિનો આશય દેશમાં સહકારી ક્ષેત્રના વિકાસને વેગ આપવાનો છે. તેમાં સહકારી સંસ્થાઓનું વ્યવસ્થાપન સારી રીતે થઈ શકે તે માટે જોગવાઈઓ ઉમેરવામાં આવ્યું છે. આ પોલિસીથી સહકારી સંસ્થાઓ દેશના આર્થિક વિકાસને વેગ આપતી જોમવંતી સંસ્થાઓ બની રહેશે. વળી, સી ટુ સી એટલે કે સહકારી સંસ્થાઓના આર્થિક વ્યવહારો સહકારી સંસ્થાઓ મારફતે જ થાય તેવા સૂત્ર સાથે સહકારી મંડળીઓને નાણાકીય ધિરાણ અને ભંડોળ સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સહકાર ક્ષેત્રે વધુને વધુ લોકોને ટેક્નોલોજીનો લાભ મળે તે માટે આયોજન કરાઈ રહ્યું છે. આ સાથે સહકાર ક્ષેત્રે જોડાયેલા લોકોની કાર્યકુશળતામાં વધારો થાય તે માટે પણ પગલા ભરાઈ રહ્યા છે. આ તમામ પહેલ દેશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં લઈ જશે.

કેન્દ્રમાં હવે ત્રીજીવાર નરેન્દ્ર મોદી સરકાર



"મારા જીવનની દરેક ક્ષણ ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણના મહાન મૂલ્યોને સમર્પિત છે. આ આપણું બંધારણ જ છે જેનાથી એક ગરીબ અને પછાત પરિવારમાં જન્મેલ મારા જેવી વ્યક્તિને પણ રાષ્ટ્રસેવાની તક મળી. આ આપણું બંધારણ જ છે જેનાથી દેશના કરોડો દેશવાસીઓને આશાપૂર્ણ, સામર્થ્યવાન અને ગરિમાપૂર્ણ જીવન જીવવા મળી રહ્યું છે."

ભાજપના શાસન કાળ દરમિયાન વિકાસદર 8.2 ટકા રહ્યો છે. આ વિકાસદર કોઈપણ પક્ષ માટે ચૂંટણી જીતવા માટેની મોટી મૂડી છે.

લોકસભામાં સતત ત્રીજી મુદત માટે NDAને વિજયી બનાવીને મતદારોએ બતાવી આપ્યું છે કે હજીય તેમને નરેન્દ્ર મોદીમાં જ સંપૂર્ણ વિશ્વાસ છે

ગરીબો, ખેડૂતોના કલ્યાણ અને મહિલાઓની ગરિમા અકબંધ રાખવા માટેના આયોજનોનો અમલ થશે

વિકસિત ભારતનું નિર્માણ કરવાના ભાજપના ધ્યેયને નવું પરિમાણ મળશે

ભાજપે બહુ જ મહેનત કરીને અન્ય પછાત વર્ગ અને દલિતોના દિલમાં સ્થાન બનાવ્યું

લોકસભાની ચૂંટણીના ચોથી જૂને 2024ના જાહેર થયેલા પરિણામોમાં સતત ત્રીજીવાર નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) સૌથી વધુ બેઠકો સાથે વિજયી જાહેર થયો છે. આ વિજય અંગે બોલતા કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, લોકસભામાં સતત ત્રીજી મુદત માટે એનડીએ-નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ અને તેના સાથી પક્ષોને વિજયી બનાવીને મતદારોએ બતાવી આપ્યું છે કે હજીય તેમને નરેન્દ્ર મોદીમાં જ સંપૂર્ણ વિશ્વાસ છે. ગરીબો, ખેડૂતોના કલ્યાણ અને મહિલાઓની ગરિમા અકબંધ રાખવા માટેના આયોજનોનો અમલ મૂકવાના કાર્યો મતદારોના આશીર્વાદથી પૂર્ણ કરવામાં આવશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ ભાજપના વિજય અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ચૂંટણી પરિણામોમાં મતદારોનો નરેન્દ્ર મોદીની નીતિઓમાંનો અવિરત વિશ્વાસ જ અભિવ્યક્ત થાય છે. વિકસિત ભારતનું નિર્માણ કરવાના ભાજપના ધ્યેયને નવું પરિમાણ મળશે.

લોકસભામાં એનડીએને વિજયી બનાવવાનો મતદારોનો નિર્ણય

ગુજરાતમાં 26માંથી 25 બેઠક મેળવીને સતત જ્વલંત દેખાવ કર્યો છે. ગુજરાતમાં કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહે 7.40 લાખ મતથી જબરદસ્ત વિજય મેળવ્યો છે. જોકે યુપીમાં ભાજપને અપેક્ષા કરતાં ઓછી બેઠક મળી છે. છતાંય દસ વર્ષ બાદ ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે મેદાનમાં ઉતરેલા નરેન્દ્ર મોદીના પક્ષનો દેખાવ ઘણો જ સારો રહ્યો છે. હા, એકલે હાથે બહુમતી ન મળી હોવા છતાં નીતિશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુનો સાથ હોવાથી ત્રીજી મુદત માટે સરકારની રચના કરવામાં તેમને ખાસ કોઈ તકલીફ પડી નથી. નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુના સહયોગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકાર ચલાવવા માંડી છે અને દેશ અને દુનિયામાં તેમનો પ્રભાવ ફરીથી પાથરવાનો ચાલુ કરી દીધો છે. અત્યારે નીતિશ કુમાર તેમને ટેકો આપનાર પક્ષ બની રહ્યા છે. ભાજપનો પ્રયાસ તેમના સંપૂર્ણ પક્ષને ભાજપનો જ હિસ્સો બનાવી દેવાનો રહેશે. પરિણામે તેઓ બહુમતીની નજીક સરકશે. આ સિવાય તેઓ અપક્ષ કે અન્ય પક્ષના એટલે કે કોન્ગ્રેસ સિવાયના સાંસદોને પોતાની સાથે લઈને પોતાની સંપૂર્ણ બહુમતી ઊભી કરી દેવાનો પ્રયાસ કરશે. આ રીતે ત્રીજી મુદતમાં વચગાળામાં કોઈ જ તકલીફ ન આવે તેવો પ્રયાસ કરશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહે 7.40 લાખ મતથી જબરદસ્ત વિજય મેળવ્યો છે.

ભાજપ હાર માનીને બેસી રહેવાની માનસિકતા ધરાવતો પક્ષ નથી. એક ચૂંટણી પૂરી થાય તેના બીજા દિવસથી નવી ચૂંટણી માટે તૈયારી ચાલુ કરી દે છે

ગુજરાતમાં 26માંથી 25 બેઠક મેળવીને સતત જ્વલંત દેખાવ કર્યો છે

બીજીતરફ મતદારોને સરકાર કામ કરતી હોવાનો સ્પષ્ટ સંકેત મળે તે માટે સહકાર મંત્રી તરીકે અમિત શાહે પણ બહુ જ ઝડપથી પગલાં લેવા માંડ્યા છે. અમિત શાહે કોઓપરેશન એમોન્ગ્સ્ટ કોઓપરેટીવ્સના વિચારને વાસ્તવમાં ઉતારવાનું ચાલુ કરી દીધું છે. ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે આપેલા પ્રવચનમાં તેમણે ગુજરાતના બે જિલ્લામાં શરૂ કરવામાં આવેલા પાઈલોટ પ્રોજેક્ટની વાત કરી તે પછી ગુજરાત સરકારે પરિપત્ર કરીને ગુજરાતની તમામ કૃષિ ઉપજ બજાર સમિતિઓને તેમના તમામ વેપારીઓ, એજન્ટ્સ અને ખેડૂતોને તેમના કરન્ટ એકાઉન્ટ્સ અને બચત ખાતાઓ જિલ્લા સહકારી બેન્કમાં જ ખોલાવવાની સૂચના આપી દેવડાવી છે. આમ સહકારના માધ્યમથી આગામી વરસોમાં તેમની સરકારને વધુ સંગીન ફલક પર લઈ જવાની કામગીરીનો આરંભ કરી દીધો છે. તેમણે ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. તેના સાકાર

કરવા આકાશપાતાળ એક કરવા માંડ્યા છે.

ભાજપે ત્રિપલ તલાકમાં રાહત કરી આપીને મુસ્લિમ મહિલાઓના દિલમાં સ્થાન મેળવ્યુ હોવાનું માનવામાં આવતું હતું. તેનાથી મુસ્લિમ મહિલાઓને સન્માન પૂર્વકની જિંદગી જીવવાનો અધિકાર અપાવ્યો છે. પહેલા ત્રણ વાર તલાક, તલાક, તલાક બોલીને મહિલાઓને તરછોડી દેવાની જે ઘટનાઓ બનતી હતી તેના પર થોડી બ્રેક લાગી હોવાનું જોઈ શકાય છે. જે મુસ્લિમ મહિલાઓની ભાજપ સરકારે કરેલી મોટામાં મોટી સેવા છે. તેથી જ ભાજપે જ્ઞાતિવાદી માનસિકતાથી ઉપર ઊઠીને આત્મનિર્ભર ભારતના નામે ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.

ગુજરાતમાં 2017ની ચૂંટણીમાં 99 સીટ સુધી આવી ગયેલા ભાજપે 2022માં 156 બેઠકો મેળવીને અભૂતપૂર્વ બાઉન્સ બેક કર્યું હતું. નરેન્દ્ર મોદીની ત્રીજી મુદત પૂરી થાય ત્યાં સુધીમાં લોકસભાની ચૂંટણીમાં આ જ રીતે બાઉન્સ બેક કરવા માટે તેમણે તૈયારી અત્યારથી જ ચાલુ કરી દીધી છે. આ જ રીતે 2024ની ચૂંટણીમાં ભાજપે સત્તા તો નથી ગુમાવી તેથી તેને બાઉન્સ બેક કરવાની તક મળી ગઈ છે. આગામી પાંચ વર્ષમાં ભાજપ તેનું હોમવર્ક વધુ સારી રીતે કરી લેશે અને ફરી બાઉન્સબેક કરશે તેમાં શંકાને

પંજાબમાં ભાજપનું વર્ચસ્વ વધ્યું

આ જ રીતે 2019ની ચૂંટણીમાં પંજાબમાં પડેલા કુલ મતમાંથી ભાજપને 9.6 ટકા મત મળ્યા હતા. 2024ની ચૂંટણીમાં પંજાબમાં કુલ પડેલા મતમાંથી ભાજપને 18.6 ટકા મત મળ્યા છે. આમ તેની મતની ટકાવારીમાં 9 ટકાનો વધારો થયો હોવા છતાંય કોઈ સ્થાનિક પક્ષ સાથે તેનુ જોડાણ ન હોવાથી ભાજપને પંજાબમાં અપેક્ષા પ્રમાણેનો વિજય મળ્યો નથી. ભાજપ મહેનત ચાલુ રાખીને 2029ની ચૂંટણીમાં મોટો અપસેટ સર્જી શકે છે. આમ નવા રાજ્યોમાં ભાજપનું પ્રભુત્વ વધી રહ્યું છે. પંજાબમાંથી આમઆદમી પાર્ટી-આપના ત્રણ સભ્ય સંસદમાં જશે. પંજાબની લોકસભાની 2019ની ચૂંટણીમાં આપને કુલ પડેલા મતમાંથી માત્ર 0.44 ટકા એટલે કે અડધા ટકાથી પણ ઓછા મત મળ્યા હતા. આ વખતે તેમના મતની ટકાવારી વધીને 1.11 ટકા થઈ છે. છતાં વિધાનસભાની ચૂંટણી જેવું પરફોર્મન્સ લોકસભાની ચૂંટણીમાં આવ્યું નથી. પંજાબમાંથી લોકસભાની દસ બેઠકો પર વિજય હાંસલ કરવાની આપની ઈચ્છા મનમાં જ રહી ગઈ છે. 2014માં આપે પંજાબમાં ચાર બેઠક મેળવી હતી. 2019માં ભગવંતસિંહ માનને કારણે એક બેઠક ગુમાવી હતી. 2024માં માત્ર ત્રણ જ બેઠક મળી છે. દિલ્હીની સાત બેઠકો પર પણ ભાજપનો વિજય થયો હોવાથી દિલ્હીમાં શાસન કર્તા હોવા છતાંય લોકભાની બેઠક પર આમ આદમી પાર્ટીનો ગજ વાગ્યો નથી. અરવિન્દ કેજરીવાલને જેલની સજા થઈ હોવાથી તેમના પરફોર્મન્સ પર અવળી અસર પડી હોવાનું માનવામાં આવે છે. દેશભરની વાત કરીએ તો લોકસભા 2024ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી કુલ 22 બેઠકો પર લડી હતી. તેમાથી 19 બેઠકો પર તેનો પરાજય થયો છે. માત્ર ત્રણ જ બેઠક મળી છે. આમ આપની આગેકૂચ પર એકાએક બ્રેક લાગી છે. દિલ્હી અને ગોવાને જોડતા મદિરા કૌભાંડની અસર તરીકે પણ તેને જોઈ શકાય છે. બીજીતરફ પંજાબમાં શિરોમણી અકાલી દળના ઉમેદવાર તરીકે પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના હત્યારા બિયંત સિંહના પુત્ર સરબજિત સિંહ લોકસભામાં ચૂંટાઈ આવ્યા છે. જોકે પિતાને માથે ચોંટેલી કાળી ટીલી પુત્રને માથે ચોંટાડીને જ જોવું ઉચિત નથી.

કેરળમાં ભાજપે ખાતું ખોલ્યું

કેરળમાં ભાજપને આજ સુધી બહુ સફળતા મળી નથી. કેરળમાં ભાજપે આ વખતે ઈન્ડિયાના તમામ સાથી પક્ષો એક થઈને લડ્યા હોવા છતાંય એક બેઠક મેળવવામાં સફળતા હાંસલ કરી છે. ભાજપની આ સફળતા પાછળ મલયાલમ એક્ટર સુરેશ ગોપીનો મોટો ફાળો છે. અભિનેતામાંથી રાજકારણી બનેલે સુરેશ ગોપીએ મને થ્રિસ્સુર જોઈએ છે ના નારા સાથે જબરદસ્ત પ્રચાર કર્યો અને ભાજપને કેરળમાં એન્ટ્રી અપાવી છે. સુરેશ ગોપીને જીત પણ 4,12,338 મતથી થઈ હોવાથી આ જંગી વિજય છે. આમ કેરળમાં પહેલીવાર લોકસભાની બેઠક પર વિજય મેળવીને દક્ષિણ ભારતમાં ભાજપે નવા રાજ્યમાં પગ પેસારો કરી લીધો છે.

કોઈ જ સ્થાન નથી. ભાજપ હાર માનીને બેસી રહેવાની માનસિકતા ધરાવતો પક્ષ નથી. તેમ જ એક ચૂંટણી પૂરી થાય તેના બીજા દિવસથી નવી ચૂંટણી માટે તૈયારી ચાલુ કરી દેવાની માનસિકતા સાથે સક્રિય થઈ જાય છે. આ સક્રિયતા આગામી એટલે કે 2029ની ચૂંટણીમાં ચમત્કાર સર્જી શકે છે. રાષ્ટ્રપતિ સમક્ષ સરકાર રચવાનો દાવો પાંચમી જૂને જ મૂકી દેવામાં આવ્યો હતો. નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડી ભૂતકાળમાં પલટી મારી ચૂક્યા છે, તે નરેન્દ્ર મોદી અને અમિત શાહ સારી પેઠે જાણે જ છે. તેથી જ અત્યારે તેમમો સાથ લઈને સરકાર બનાવી છે. આગામી છ મહિનાના ગાળામાં તેઓ અન્ય પક્ષના ઉમેદવારોને પોતાની સાથે ખેંચી લઈને પોતાની બહુમતી લોકસભામાં ઊભી કરી દેવાનો વ્યૂહ અપનાવતા હોવાનું જણાય છે. ઈન્ડિયા એલાયન્સના અને તેના સિવાયના સાંસદોને ભાજપમાં ભેળવી દઈને ભાજપ પોતાની તાકાત પર 272ના આંકડાંને પાર કરી જાય તો નીતિશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુને અંકુશમા રાખી શકાશે તેવો વ્યૂહ અત્યારે ભાજપ અપનાવી રહ્યો હોવાનું દેખાઈ રહ્યુ છે.

ભાજપ મતમાં થયેલા ઘટાડાને રિકવર કરી લેવા સજ્જ

ભાજપ સ્પષ્ટ બહુમતીથી દૂર રહ્યો છે. પરંતુ ભાજપને મત આપનારાઓની સંખ્યામાં 0.7 ટકાનો એટલે કે પોણા ટકાથી પણ ઓછા ટકાનો ઘટાડો થયો છે. 2019ની ચૂંટણીમાં ભાજપને કુલ પડેલા મતમાંથી 37.3 ટકા મત મળ્યા હતા. તેની સામે 2024માં કુલ પડેલા મતમાંથી ભાજપને 36.6 ટકા મત મળ્યા છે. આમ માડ 0.7 ટકાનો જ ઘટાડો થયો છે. પોણો ટકા મતને રિકવર

કરી લેવાને ભાજપ સક્ષમ છે. બીજીતરફ કોન્ગ્રેસના મતમાં ખાસ કોઈ વધારો થયો નથી. તમામ પક્ષો એક થયા હોવાથી તેમના વિભાજિત થતાં મત એક થઈ જતાં તેમનું પરફોર્મન્સ સુધર્યું છે. તેમ છતાંય કોન્ગ્રેસ તિતરબિતર થઈ ગયેલો પક્ષ છે. તમામને એક છત્ર હેઠળ સાચવી રાખવાની કોન્ગ્રેસની ત્રેવડ પણ ઓછી છે. 2029માં આવનારી ચૂંટણીમાં કોન્ગ્રેસ આ પરફોર્મન્સ ન આપી શકે તેટલી મહેનત કરી લેવા ભાજપની નેતાગીરી સક્ષમ છે. 2024ની ચૂંટણીમાં ભાજપને નવા રાજ્યોમાં એન્ટ્રી મળી છે. પરંતુ તે રાજ્યોમાં ભાજપને બેઝ બહુ મોટો ન હોવાથી તેમના નવા વિસ્તારમાં મળેલા મતની સંખ્યાનો બહુ મોટો પ્રભાવ તેમને મળેલી બેઠકની સંખ્યાં પર જોવા મળી રહ્યો નથી. છતાં નવા વિસ્તારમાં ભાજપ તેનું વર્ચસ્વ વધારવા નવા વ્યૂહ તૈયાર કરી રહ્યું છે.

બિહારમાં 30 બેઠકો પર ભાજપ અને સાથી પક્ષોનું વર્ચસ્વ જળવાઈ રહ્યું

બિહારની 40 બેઠકોમાંથી 30 બેઠકો પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં ભાજપ અને તેના સાથી પક્ષ જેડીયુ-જનતા દળ યુનાઈટેડ સફળ રહ્યા છે. બિહારમાં 2024માં ભાજપ અને તેના સાથી પક્ષોએ મળીને 29 બેઠકો પર વિજય મેળવ્યો છે. જેડીયુએ કુલ 12 બેઠકો પર આ વખતે વિજય હાંસલ કર્યો છે. નીતિશ કુમારે અત્યંત પછાત વર્ગની કક્ષામાં આવતા અને મહાદલિતની કેટેગરીમાં આવતા વર્ગ સાથેનો સંપર્ક જાળવી રાખ્યો હોવાથી તેમને આ મતદાતાઓના મત ખાસ્સા મળ્યા છે. ભાજપ અને જેડીયુને અનુક્રમે બાર બાર બેઠકો મળી છે. ભાજપના સાથી પક્ષ રામવિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાનના વડપણ હેઠળની લોકજનશક્તિ પાર્ટી-એલજેપીએ તમામ પાંચ બેઠકો પર વિજય હાંસલ કર્યો છે. 2019ની ચૂંટણીમાં પણ ચિરાગ પાસવાનના પક્ષે તમામ બેઠકો પર વિજય મેળવ્યો હતો. એનડીએના અન્ય સાથી પક્ષ હિન્દુસ્તાની અવામ મોરચા-સિક્યુલરના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી

વન નેશન, વન ઇલેક્શનના આયોજનોનો અમલ પાછળ ઠેલાશે

નરેન્દ્ર મોદીના શાસનની ત્રીજી મુદતમાં અત્યાર સુધીમાં લેવામાં આવેલા નિર્ણયો કરતાંય મોટા નિર્ણયો લેવા પડશે. આ મોટા નિર્ણયોમાં વન નેશન વન ઇલેક્શનના નિર્ણયનો પણ સમાવેશ થાય છે. આ જ રીતે ડિલિમિટેશનના આયોજનનો 2026થી ભાજપ અમલ કરાવવા માગતું હતું, પરંતુ આ આયોજનનો અમલ પણ કેટલી સફળતાથી કરી શકશે તેનો અંદાજ આવનારા દિવસોમા જ મળશે. ડિલિમિટેશનના આયોજન હેઠળ કર્ણાટક લોકસભાની બેઠક 28થી વધારીને 36, તેલંગણાની 17થી વધારીને 20, આન્ધ્રપ્રદેશની 25થી વધારીને 28 તથા તામિલનાડુની લોકસભાની બેઠકો 39થી વધારીને 41 કરી દેવાનું આયોજન છે. આ જ રીતે યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાનું આયોજન પણ ભાજપના એજન્ડામાં છે. અત્યારે ધર્મને કારણે કેટલાક ધર્મના લોકોને અમુક કાયદાકીય જોગવાઈઓ લાગુ પડી શકતી નથી. આ પરિસ્થિતિને બદલીને દરેક ધર્મના લોકોને દરેક કાયદાકીય જોગવાઈ એક સમાન રીતે લાગુ પડે તેવી વ્યવસ્થા નિર્માણ કરવાનો ભાજપનો એજન્ડા છે.

જિતેન્દ્ર રામ માંઝીએ પણ ગયાની બેઠક પરથી વિજય હાંસલ કર્યો છે. આરજેડીના કુમાર સર્વજિતને પરાજય આપીને તેમણે આ વિજય હાંસલ કર્યો છે. લાલુ પ્રસાદ યાદવના આરજેડીએ 23 બેઠકો પર તેના ઉમેદવારો ઊભા રાખ્યા હતા. તેમાંથી માત્ર 4 જ બેઠક પર વિજય મેળવી શક્યા છે. આમ ભાજપે બિહારમાંથી લાલુ યાદવ અને તેના વંશજોનું વર્ચસ્વ ઓછું કરવામાં ખાસ્સી સફળતા મેળવી છે. લાલુ યાદવના પુત્ર તેજસ્વી યાદવે લોકસભામાં તેમના પક્ષની હાજરીથી જ માત્ર સંતોષ માનવો પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. લાલુ પ્રસાદની નાની દીકરીનો રોહિણી આચાર્યનો સારનની બેઠક પરથી પરાજય થયો છે. રોહિણીએ માત્ર એન્ટિઇન્કમ્બન્સી પર ફોકસ કર્યું હતું.

મહારાષ્ટ્રમાં 2019ની ચૂંટણીમાં ભાજપે કુલ 23 બેઠક પરથી વિજય મેળવ્યો હતો. તેની સામે 2024માં ભાજપને મહારાષ્ટ્રમાંથી ભાજપ અને તેના સાથી પક્ષો સાથે મળીને તેને 19 બેઠકો પર વિજય મળ્યો છે.

આન્ધ્રપ્રદેશમાં એનડીએના સાથી ચંદ્રાબાબુ નાયડુનો જયજયકાર

ચંદ્રાબાબુ નાયડુના પક્ષે આન્ધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કુલ 175માંથી 135 બેઠકો પર વિજય મેળવીને ઝળહળતો દેખાવ કર્યો છે. ચંદ્રાબાબુ નાયડુની તેલગુ દેશામ પાર્ટી-ટીડીપી, પવન કલ્યાણની જન સેના પાર્ટી અને ભાજપ એકજૂટ થયા હોવાથી આ કરિશ્મા થયો છે. 2019ની વિધાનસભાની ચૂંટણીમાં 151 બેઠકોની જંગી બહુમતીથી વિજયી જાહેર થયેલા વાયએસઆર કોન્ગ્રેસ (વાયેએસઆરસીપી)ને માત્ર 11 જ બેઠક નવી ચૂંટાયેલી વિધાનસભામાં મળી છે. આમ ભાજપ, ટીડીપી અને જન સેના પાર્ટીની ત્રિપુટીએ વાયએસઆર કોન્ગ્રેસના સુપડાં સાફ કરી દીધા છે. બીજીતરફ આન્ધ્રપ્રદેશની લોકસભાની 25 બેઠકોમાંથી એનડીએના સાથી પક્ષો તેલગુદેશામ પાર્ટી, જનસેના પાર્ટી અને ભાજપે મળીને 21 બેઠકો હાંસલ કરી છે.

જોકે તેલગુ દેશામ પાર્ટીના વડા એન. ચંદ્રાબાબુ નાયડુની ધરપકડ

તેલંગણામાં ભાજપનું પરફોર્મન્સ સુધર્યું

તેલંગણામાં વિધાનસભાની ચૂંટણીમાં પાંચ માસ પૂર્વે પરાજિત થયેલા ભારત રાષ્ટ્ર સમિતિ-બીઆરએસનો સંસદનીચૂંટણીમાં પણ રકાસ થયો છે. લોકસભાની 2024ની ચૂંટણીમાં ભારત રાષ્ટ્ર સમિતિને એક પણ બેઠક પર વિજય મળ્યો નથી. તેલંગણામાં માત્ર ચાર જ બેઠક ધરાવતા ભાજપે 2024ની ચૂંટણીમાં લોકસભાની આઠ બેઠક પર વિજય મેળવીને આ વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ વધાર્યું છે. બીઆરએસ છેલ્લા દસ વર્ષથી તેલંગણામાં સત્તા પર હતી. વિધાનસભામાં 104 બેઠકો સાથે બહુમતી ધરાવતી ભારત રાષ્ટ્ર સમિતિને ગત નવેમ્બર 2023માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં માત્ર 39 બેઠક જ મળતા તેના દસ વર્ષના શાસનનો અંત આવ્યો છે. ભાજપે 2019ની ચૂંટણીમાં અદિલાબાદ, કરીમનગર, નિઝામાબાદ અને સિકન્દરાબાદમાં વિજય મેળવ્યો હતો. 2024ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે મલકાજગીરી, ચેવેલ્લા, મેડક અને મહેબૂબનગરની બેઠક પર વિજય મેળવીને વધુ ચાર બેઠક પર વર્ચસ્વ જમાવ્યુ છે.



કરવાના પગલાંની સાથે જ વાયએસઆર કોન્ગ્રેસનું પરાજયનામું લખાઈ ગયું હતું. વાયઆરએસ કોન્ગ્રેસના જગન રેડ્ડીએ જાહેર કરેલી નવ કલ્યાણ યોજનાઓનો અમલ કરવામાં જાહેરાત કરી હતી. આ યોજનાના અમલીકરણ પર ફોકસ કરવામાં રાજ્યના અન્ય કામકાજો તરફ સાવ જ બેધ્યાન રહ્યા હોવાની બાબત પણ લોકસભા 2024ની ચૂંટણીમાં તેમના પક્ષના પરાજય માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે. 2019ની પદયાત્રા દરમિયાન નવ યોજનાઓના અમલની તેમણે જનતાને ખાતરી આપી હતી. આ યોજનાઓનો અમલ કરવામાં રાજ્યની જનતાની બેરોજગારીની સમસ્યાનો, રાજ્યમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવાના તેમ જ વિકાસના કાર્યો કરવા પરથી તેમનું ધ્યાન સાવ જ હટી ગયું હતું. આન્ધ્રપ્રદેશની બહુમતી પ્રજાની ઈચ્છાને તેમણે સદંતર અવગણી હતી. 2019 પછીના 5 વર્ષના ગાળામાં રાજ્યમાં નવું મૂડીરોકાણ ખેંચી લાવવામાં અને રાજ્યમાં નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં સાવ જ નિષ્ફળ રહ્યા હતા. તેથી રાજ્યના મોટાભાગના મતદાતાઓ નિરાશ થયા હતા. તેનો ફાયદો ભાજપ, જન સેના પાર્ટી અને તેલગુદેશામ પાર્ટીએ ઊઠાવ્યો હતો. તેમણે બેરોજગારીની સમસ્યાનો ઉકેલ આપવાની મતદારોને ખાતરી આપી છે. તેમને જનકલ્યાણની સાથે સાથે જ રાજ્યના વિકાસ પર પણ ફોકસ કરવું છે તે વાત તેમણે મતદારોના મનમાં ઉતારવામાં ખાસ્સી સફળતા હાંસલ કરી છે.

દિલ્હીના લોકસભાની સાત બેઠક પર ભાજપનો ફરી એકવાર વિજય થયો છે. દિલ્હીમાં ઉમેદવારો બદલવાની કવાયત ભાજપને સફળતા અપાવી ગઈ છે.

વિકસિત ભારતના નિર્માણ માટે કયા પક્ષની સરકાર છે તે જોયા વિના દરેક રાજ્યના સહયોગમાં કામ કરીશઃ નરેન્દ્ર મોદી

લોકસભાની 2024ની ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી નરેન્દ્ર મોદીએ પક્ષના કાર્યકર્તાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું, "વિકસિત ભારતના નિર્માણ માટે દરેક રાજ્યની સરકારો સાથે સહયોગથી કામ કરીશ. પછી ભલેને તે રાજ્યમાં કોઈપણ પક્ષની સરકાર હોય. આપણા દેશનું બંધારણ જ સર્વોપરી છે. બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે દરેક રાજ્ય માટેના કામ કરવામાં આવશે. રાજ્યોને સહયોગ આપીને બંધારણીય ફરજ અદા કરવામાં આવશે. આપણા દેશનું બંધારણ જ અમને માર્ગદર્શન આપતું પરિબળ છે. મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી ભારતની વિકસિત ભારત બનાવવા તરફ આગળ લઈ જઈશું. રાષ્ટ્રના હિતમાં સાથે મળીને કામ કરવાનો અને આગળ વધવાનો સમય આવી ગયો છે." આ સાથે જ તેમણે કહ્યું હતું કે, સમયના વીતવાની સાથે સાથે જ ભ્રષ્ટાચાર સામેની લડત કરવાનું કઠિન બની રહ્યું છે. છતાં દેશમાંથી ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી ફેંકવાનો પ્રયાસ કરવામાં આવશે.

રાજસ્થાનમાં ભાજપ-કોન્ગ્રેસ 55-45

હરિયાણાની લોકસભાની 10 બેઠકોમાંથી ભાજપ અને કોન્ગ્રેસને ભાગે પાંચ પાંચ બેઠકો આવી છે. માત્ર મનોહર ખટ્ટર અને નવીન જિન્દાલ બે વિજયી થયા છે. ફરિદાબાદની બેઠક પર જૂના જ ઉમેદવાર કિશન પાલ, ગુડગાંવમાં રાવ ઇન્દ્રજિત અને ભીવાનીની બેઠક જીતી ગયા છે

ઓડિશામાં ભાજપે નવીન પટનાઈકના શાસનનો અંત આણ્યો

નવીન પટનાઈકના વડપણ હેઠળના બીજુ જનતા દળના સતત ચોવીસ વર્ષથી ચાલતા

નવીન પટનાઈકના વડપણ હેઠળના બીજુ જનતા દળના સતત ચોવીસ વર્ષથી ચાલતા શાસનનો ઓડિસામાં અંત લાવવામાં ભાજપે સફળતા હાંસલ કરી છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના બે ઉમેદવાર ચૂંટાઈ આવ્યા છે તે એક મોટી સફળતા છે.

પંજાબમાં ભાજપનું વર્ચસ્વ વધ્યું, પંજાબમાં ભાજપને ગત ચૂંટણી કરતા લગભગ બમણા મત મળ્યા

દિલ્હી: ફરી એકવાર ભાજપ વિજયી

દિલ્હીના લોકસભાની સાત બેઠક પર ભાજપનો ફરીએકવાર વિજય થયો છે. દિલ્હીની સાતેય બેઠક ભાજપે જીતી લીધી છે. પરંતુ દિલ્હીમાં ઉમેદવારો બદલવાની કવાયત ભાજપને સફળતા અપાવી ગઈ છે. હા, દિલ્હીમાં 2019ની ચૂંટણીમાં ભાજપને 56 ટકા મત મળ્યા હતા. તેની સામે 2024માં ભાજપને કુલ પડેલા મતમાંથી 54 ટકા મત મળ્યા છે. છતાં સાતેય બેઠકો જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દિલ્હીમાં એન્ટિઇન્કમ્બન્સીના પરિબળને અસરહીન કરવાનો ભાજપે ખાસ્સો પ્રયાસ કર્યો છે. તેમાંય ભાજપને સફળતા મળી હોવાનું પરિણામો દર્શાવે છે. ભાજપે દરેક ઉમેદવારોને બદલી નાખ્યા હતા. તેમાં માત્ર નોર્થઈસ્ટ દિલ્હીમાંથી મનોજ તિવારીને જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. દિલ્હીની ચૂંટણીમાં ભ્રષ્ટાચાર સામેની લડત પર અને વિકાસ પર ફોકસ કરીને ભાજપે પ્રચાર કર્યો હતો. નરેન્દ્ર મોદીએ યોજેલી મિટિંગ અને તેમના રોડ શોનો ખાસ્સો પ્રભાવ પરિણામો પર જોવા મળી રહ્યો છે. ભાજપના ઉમેદવારો 2.90 લાખથી લઈને 78000 મતની સરસાઈથી ચૂંટણી જીત્યા છે. દિલ્હીની ચૂંટણીના પરિણામોમાં નરેન્દ્ર મોદીએ કરેલા વિકાસના કામોનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં સાતેય બેઠક પર ભાજપને વિજેતા બનાવીને નરેન્દ્ર મોદીના શાસનમાં મતદારોએ ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બીજીતરફ આમઆદમી પાર્ટીની દિલ્હીની લોકસભાની બેટખ પર વચર્સ્વ સ્થાપવાની મહેચ્છા પર પાણી ફરી વળ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિન્દ કેજરીવાલની કથિત સંડોવણીના એક્સાઈઝ કૌભાંડનું આ પરિણામ હોવાનું માનવામાં આવે છે.

શાસનનો ઓડિસામાં અંત લાવવામાં ભાજપે સફળતા હાંસલ કરી છે. ઓડિશામાં ભાજપે 78 બેઠક સાથે વિધાનસભાની ચૂંટણી જીતી લઈને નવીન પટનાઈકના અઢી દાયકાના શાસનનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના બે સાંસદ ચૂંટાયા, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા-મહેબૂબા મુક્તિ પરાજિત

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના બે ઉમેદવાર ચૂંટાઈ આવ્યા છે તે એક મોટી સિદ્ધિ છે. તેમાંય ખાસ કરીને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનો જેલમાં ધકેલી દેવાયેલા ઉમેદવાર રશિદ એન્જિનિયરને હાથે બારામુલ્લાની બેઠક પરથી પરાજય મળ્યો છે તે સૌથી મોટી વાત છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુક્તિનો પર પરાજય થયો છે. મહેબૂબા મુક્તિનો અનંતનાગમાંથી લગભગ 3 લાખ મતથી પરાજય થયો છે. જમ્મુ અને કાશ્મીરમાં ભાજપનો વિજય કલમ 370 હટાવ્યા પછીનો મોટો અને મહત્વનો વિજય છે. દેશથી કાશ્મીરને અલગ કરવાની માનસિકતા ધરાવતા પરિબળોને તેનાથી મોટી લપડાક પડી છે.

નોર્થ-ઈસ્ટમાં ભાજપ માટે હેમંત વિશ્વા સક્રિય

નોર્થ ઈસ્ટના સેવન સિસ્ટર્સ તરીકે ઓળખાતા રાજ્યોમાં સ્ટાર કેમ્પેઈનર તરીકે હેમંત બિશ્વાને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ આસામના મુખ્યમંત્રી છે. ભાજપ હેમંત બિશ્વાને રાષ્ટ્રીય સ્તરે વધુ મોટી ભૂમિકા ભજવવા માટે તૈયાર કરી રહ્યો હતો. આ ગણતરીથી જ અમિત શાહે હેમંત બિશ્વાને નોર્થ-ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સના કન્વીનર તરીકેની જવાબદારી પણ સોંપી હતી. હેમંત બિશ્વાએ આ જવાબદારી સ્વીકારી તે પછી અરુણાચલ પ્રદેશમાં કોન્ગ્રેસના 43 વિધાનસભ્ય સાગમટે ભાજપમાં જોડાઈ ગયા હતા અને અરુણાચલ પ્રદેશમાં ભાજપની સરકાર સ્થપાઈ હતી. મણિપુરમાં ભાજપ સરકારની સ્થાપના થઈ અને ત્રિપુરામાં ડાબેરી મોરચાની સરકાર ગઈ તે પણ હેમંત બિશ્વાની ક્રેડિટ વધારનાર ઘટના હતી. ત્યારબાદ તો નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલયમાં પણ નોર્થ ઈશ્ટ ડેમોક્રેટિક એલાયન્સની રચના કરવામાં આવી હતી.

ભાજપના તામિલનાડુમાં 7.6 ટકા મત વધુ મળ્યા

તામિલનાડુમાં ભાજપને 2019ની ચૂંટણીમાં કુલ મળેલા મતના 3.6 ટકા મત મળ્યા હતા. તેની સામે 2024માં ભાજપને તામિલનાડુમાં 11.2 ટકા મત મળ્યા છે. આમ 7.6 ટકા મત વધુ મળ્યા છે. હા, એટલું ચોક્કસ કહી શકાય છે કે તામિલનાડુમાં ભાજપ બિલ્લીપગે વર્ચસ્વ વધારી રહ્યો છે. તેને મત આપનારા વધી રહ્યા છે. આગામી વરસોમાં તેનું બેઠકમાં રૂપાંતર થવાની સંપૂર્ણ સંભાવના છે.

ભાજપના શાસન કાળ દરમિયાન વિકાસદર 8.2 ટકા રહ્યો છે

ભાજપના શાસન કાળ દરમિયાન વિકાસદર 8.2 ટકા રહ્યો છે. આ વિકાસદર કોઈપણ પક્ષ માટે ચૂંટણી જીતવા માટેની મોટી મૂડી બની શકે છે. ચંદ્રયાનના સફળ ઉતરાણ, રસ્તા, બંદર સહિતની માળખાકીય સુવિધાઓ વિકસાવી, ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ઢગલાબંધ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમના માધ્યમથી અનેક પ્રોત્સાહનો આપ્યા છે. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ વધારી આપી તેમની આવકમાં વધારો કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ આ બધાં જ વિસરાઈ ગયું હોય તેવી સ્થિતિ છે. ગરીબોને મા કાર્ડ આપી રૂ. 10 લાખ સુધીની મફત સારવાર આપવાની વ્યવસ્થા કરી. 14 કરોડ ગરીબ મહિલાઓને મફતમાં ગેસ સિલિન્ડર આપ્યા. લોકોનું જીવનધોરણ ઊંચે લાવવા માટે તનતોડ પ્રયાસ કર્યો. આ બધું જ જાણે મતદાતાઓ ભૂલી ગયા. ત્રિપલ તલાકની સિસ્ટમને જાકારો અપાવીને મુસ્લિમ મહિલાઓને હાંસી પાત્ર જીવન જીવવાની સ્થિતિમાંથી બહાર કાઢવાનું પગલું પણ વિસરાઈ ગયું છે. સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપ્યા, પેટન્ટ રજિસ્ટ્રેશન કરાવવા ઈચ્છનારાઓને તેમાંય મદદ કરી. ખેડૂતોને વાર્ષિક પરિવારદીઠ રૂ. 6000ની સહાય આપી. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ વધુ મળે તે માટે પ્રયત્નો કર્યા. ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યા. નાના ઉદ્યોગને પેમેન્ટમાં રાહત રાહત અપાવવા 45 દિવસની જોગવાઈ દાખલ કરી. પરંતુ કમનસીબે આ સિસ્ટમ બૂમરેન્ગ થઈ. નાના ઉદ્યોગોના ધંધા મધ્યમ ઉદ્યોગો તરફ ખેંચાઈ ગયા. પરિણામે વિરોધ થયો. હજી તેનો નિર્ણય આવ્યો નથી. કલમ 43 (2) (એચ) હજીય અદ્ધરતાલ છે.

મોદી સરકાર 3.0માં 72 સાંસદોને ફળવાયા ખાતાં

નામ	મંત્રાલય	પક્ષ
અમિત શાહ	સહકારિતા મંત્રી	ભાજપ
રાજનાથ સિંહ	સંરક્ષણ મંત્રી	ભાજપ
નીતિન ગડકરી	માર્ગ અને પરિવહન	ભાજપ
જે.પી. નડ્ડા	આરોગ્ય, કેમિકલ અને ફર્ટિલાઈઝર	ભાજપ
શિવરાજસિંહ ચૌહાણ	કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ	ભા જ પ
નિર્મલા સીતારમણ	નાણા, કોર્પોરેટ બાબતો	ભાજપ
એસ. જયશંકર	વિદેશ	ભાજપ
મનોહરલાલ ખટ્ટર	ઊર્જા અને શહેરી વિકાસ	ભાજપ
એચ.ડી. કુમારસ્વામી	ભારે ઉદ્યોગ અને સ્ટીલ	જેડીએસ
પિયુષ ગોયલ	વાણિજ્ય અને ઉદ્યોગ	ભાજપ
ધર્મેન્દ્ર પ્રધાન	શિક્ષણ	ભાજપ
જીતનરામ માંઝી	લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ	હમ
રાજીવ રંજન	પંચાયતી રાજ, મત્સ્ય-પશુપાલન અને ડેરી	જેડીયુ
સર્બાનંદ સોનોવાલ	પોર્ટ અને શિપિંગ, જળમાર્ગ	ભાજપ
વીરેન્દ્ર ખટીક	સામાજિક ન્યાય	ભાજપ
કે. રામમોહન નાયડુ	નાગરિક ઉડ્ડયન	ટીડીપી
પ્રહલાદ જોશી	ખાદ્ય, ગ્રાહક સુરક્ષા બાબતો, રિન્યુએબલ એનર્જી	ભાજપ
જુએલ ઓરામ	આદિવાસી બાબતો	ભાજપ
ગિરિરાજ સિંહ	ટેક્સ્ટાઈલ	ભાજપ
અશ્વિની વૈષ્ણવ	રેલવે, માહિતી અને પ્રસારણ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી	ભાજપ
જ્યોતિરાદિત્ય સિંધિયા	ટેલિકોમ, ઉત્તર પૂર્વ રાજ્યોનો વિકાસ	ભાજપ
ભૂપેન્દ્ર યાદવ	પર્યાવરણ, જંગલો, ક્લાઈમેટ ચેન્જ	ભાજપ
ગજેન્દ્ર શેખાવત	પ્રવાસન, સાંસ્કૃતિક બાબતો	ભાજપ
અન્નપૂર્ણા દેવી	મહિલા અને બાળવિકાસ	ભાજપ
કિરેન રિજિજુ	સંસદીય કાર્ય, લઘુમતી બાબતો	ભાજપ
હરદીપ સિંહ પુરી	પેટ્રોલિયમ	ભાજપ
મનસુખ માંડવિયા	શ્રમ-રોજગાર, સ્પોર્ટ્સ, યુવા બાબતો	ભાજપ
જી. કિશન રેડ્ડી	કોલસો અને ખાણ	ભાજપ
ચિરાગ પાસવાન	ફૂડ પ્રોસેસિંગ	એલજેપી
સી.આર. પાટીલ	જળશક્તિ	ભાજપ

રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)

નામ	મંત્રાલય	પક્ષ
રાવ ઈન્દ્રજિત સિંહ	સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન, લઘુમતી યોજનાઓ અને સાંસ્કૃતિક બાબતો	ભાજપ
જીતેન્દ્ર સિંહ	સાયન્સ એન્ડ ટેક્નોલોજી, પીએમઓ, કાર્મિક-લોકફરિયાદ અને પેન્શન, પરમાણુ ઊર્જા, અવકાશ	ભાજપ
અર્જુનરામ મેઘવાલ	કાયદો અને ન્યાય, સંસદીય કાર્ય	ભાજપ
પ્રતાપરાવ જાધવ	આયુષ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ	શિવસેના
જયંત ચૌધરી	કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા, શિક્ષણ	RLD

મોદી સરકાર 3.0માં રાજ્ય કક્ષાના મંત્રીઓ

નામ	મંત્રાલય	પક્ષ
જિતિન પ્રસાદ	વાણિજ્ય અને ઉદ્યોગ, આઈટી	ભાજપ
શ્રીપદ નાઈક	પાવર એન્ડ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી	ભાજપ
પંકજ ચૌધરી	નાણા મંત્રાલય	ભાજપ
કૃષ્ણપાલ ગુર્જર	સહકાર મંત્રાલય	ભાજપ
રામદાસ આઠવલે	સામાજિક ન્યાય અને સશક્તિકરણ	RPI
રામનાથ ઠાકુર	કૃષિ અને ખેડૂત કલ્યાણ	જેડીયુ
નિત્યાનંદ રાય	ગૃહ વિભાગ	ભાજપ
અનુપ્રિયા પટેલ	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	અપનાદળ(એસ)
વી. સોમન્ના	જળશક્તિ અને રેલવે	ભાજપ
પી. ચંદ્રશેખર	ગ્રામિણ વિકાસ અને સંચાર	ટીડીપી
એસ.પી. સિંહ બઘેલ	મત્સ્ય, પશુપાલન, ડેરી અને પંચાયતી રાજ	ભાજપ
શોભા કરંદલાજે	લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ	ભાજપ
કીર્તિવર્ધન સિંહ	પર્યાવરણ, જંગલ અને ક્લાઈમેટ ચેન્જ, વિદેશ	ભાજપ
બી.એલ. વર્મા	ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, સામાજિક ન્યાય અને કલ્યાણ	ભાજપ
શાંતનુ ઠાકુર	પોર્ટ અને શિપિંગ	ભાજપ
સુરેશ ગોપી	પ્રવાસન, સાંસ્કૃતિક બાબતો	ભાજપ
એલ. મુરુગન	સૂચના અને પ્રસારણ, સંસદીય બાબતો	ભાજપ

નામ	મંત્રાલય	પક્ષ
અજય ટમ્ટા	માર્ગ અને પરિવહન	ભાજપ
બંડી સંજય કુમાર	ગૃહ	ભાજપ
કમલેશ પાસવાન	ગ્રામ્ય વિકાસ	ભાજપ
ભાગીરથ ચૌધરી	કૃષિ અને ખેડૂત વિકાસ	ભાજપ
સતીશ દુબે	કોલસો અને ખાણ વિભાગ	ભાજપ
સંજય શેઠ	સંરક્ષણ	ભાજપ
રવનીત સિંહ બિટ્ટુ	ફૂડ પ્રોસેસિંગ, રેલવે	ભાજપ
દુર્ગાદાસ ઉઈકે	આદિવાસી બાબતો	ભાજપ
રક્ષા ખડસે	સ્પોર્ટ્સ અને યુવા બાબતો	ભાજપ
સુકાંત મજુમદાર	શિક્ષણ, ઉત્તર પૂર્વ રાજ્યોનો વિકાસ	ભાજપ
સાવિત્રી ઠાકુર	મહિલા અને બાળવિકાસ	ભાજપ
તોખન સાહુ	હાઉસિંગ, શહેરી વિકાસ	ભાજપ
રાજભૂષણ ચૌધરી	જળશક્તિ	ભાજપ
ભૂપતિ રાજુ શ્રીનિવાસ વર્મા	ઉદ્યોગો અને સ્ટિલ	ભાજપ
હર્ષ મલ્હોત્રા	કોર્પોરેટ અફેર્સ, માર્ગ અને પરિવહન	ભાજપ
નિમુબેન બાંભણિયા	ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ	ભાજપ
મુરલીધર મોહોલ	સહકાર વિભાગ, નાગરિક ઉડ્ડયન	ભાજપ
જ્યોર્જ કુરિયન	લઘુમતી બાબતો, મત્સ્ય ઉછેર-પશુપાલન અને ડેરી	ભાજપ
પબિત્રા માર્ગેરિટા	વિદેશ, ટેક્સ્ટાઈલ	ભાજપ

મોદી 3.0: વડાપ્રધાન બનતા જ નરેન્દ્ર મોદીએ ખેડૂતોને રૂ. 20,000 કરોડ આપવાનો આદેશ કર્યો

લોકસભાની ચૂંટણી બાદ ફરી વડાપ્રધાન પદ પર બિરાજમાન નરેન્દ્ર મોદીએ તેમની ત્રીજી ટર્મમાં સૌથી પહેલો નિર્ણય ખેડૂતોને ધ્યાનમાં રાખીને લીધો હતો. તેમણે દેશના ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત 17મો હપ્તો ચૂકવવાનો આદેશ કર્યો હતો. તેનાથી દેશના 9.3 કરોડ ખેડૂતોને ફાયદો થશે. આ યોજનાના ભાગરૂપે ખેડૂતોને વર્ષે 6000 રૂપિયાની આર્થિક મદદ કરવામાં આવે છે અને વર્ષે 2000-2000 ના ત્રણ હપ્તા ખેડૂતોના ખાતામાં જમા થાય છે. વડાપ્રધાન મોદીએ 17મા હપ્તાની ફાઈલ પર સહી કરતા દેશના 9.3 કરોડ ખેડૂતોમાં સરકાર દ્વારા રૂ. 20000 કરોડનું વિતરણ કરવામાં આવશે. ત્રીજી વાર વડાપ્રધાન પદ સંભાળ્યા પછી નરેન્દ્ર મોદીનું આ પગલું સૂચવે છે કે કેન્દ્રની ભાજપ સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. આગામી સમયમાં પણ સરકારે ખેડૂતોના કલ્યાણ માટે અનેક નિર્ણય લેશે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપનો અભેદ્ય કિલ્લો બન્યું ગુજરાત

ગુજરાતની લોકસભાની 26 બેઠકો પરની ચૂંટણીમાં 25 બેઠકો જીતી લઈને ભાજપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકારિતા મંત્રી અમિત શાહના હોમ સ્ટેટમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. સુરતની બેઠક પર તો ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. સુરતની બેઠક પરના ઈન્ડિયા એલાયન્સના ઉમેદવારનું ઉમેદવારી પત્રક અમાન્ય ઠરતાં સુરત ભાજપના ઉમેદવાર મુકેશ ચંદ્રકાન્ત દલાલ બિનહરિફ ચૂંટાઈ આવ્યા હતા.

ગુજરાતમાં ભાજપ સતત કેમ વિજયી થાય છે તેના કારણોમાં ઊંડા ઉતરીએ. 1995ની સાલમાં કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યો ત્યારથી ગુજરાત ભાજપના અભેદ્યકિલ્લામાં ફેરવાવાની પ્રક્રિયાનો આરંભ થઈ ગયો છે. ભાજપે દિલોજાનથી ગુજરાતની પ્રજા માટે કામ કર્યું છે. 2017માં એન્ટિ ઈન્કમ્બન્સીએ ભાજપને 99 સીટ પર લાવી દીધો હતો. પરંતુ બાઉન્સબેક કરવામાં માહેર 2022ની વિધાનસભાની ચૂંટણીમાં કુલ પડેલા મતમાંથી સાડા બાવન(52.5) ટકાથી વધુ મત અને 156 બેઠક પર વિજય હાંસલ કરીને ઈતિહાસ રચી દીધો હતો. આ ચૂંટણીમાં કોન્ગ્રેસને કુલ પડેલા મતમાંથી 27 ટકા અને આમ આદમી પાર્ટીને 13 ટકા મત મળ્યા હતા. તેની સામે કોન્ગ્રેસના 17 અને આ મ આ દ મી

પાર્ટીને 5 બેઠકો પર વિજય મળ્યો હતો. અપક્ષ ઉમેદવારો ત્રણ અને સમાજવાદી પાર્ટી એક બેઠક પર વિજયી થઈ હતી. આમ બ્રાન્ડ મોદીનો પ્રભાવ ગુજરાતમાં અકબંધ હોવાની વાતને ફરીએકવાર મતદાતાઓએ સમર્થન આપ્યું છે.

ભાજપે પાયામાંથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું કામ કર્યું હોવાથી ગુજરાતની પ્રજા તેમનાથી પ્રભાવિત છે. વાઈબ્રન્ટ ગુજરાતના આયોજનથી ગુજરાતમાં 20 લાખથી 30 લાખ કરોડના મૂડીરોકાણો લાવીને ગુજરાતને ભારતના ઔદ્યોગિક નકશા પર અગ્રહરોળમાં બેસાડી દેવાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યું છે. તેનાથી ગુજરાતના બિઝનેસ ઉદ્યોગો ધમધમતા થયા છે. રોજગારીની નવી તક નિર્માણ થઈ છે. તેથી જ ગુજરાતનો મતદાર ભાજપને વફાદાર છે. હવે 2027ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થાય તો સતત ત્રણ દાયકાથી વધુ સમય સુધી ભાજપનું અવિરત શાસન ગુજરાતમાં ચાલ્યું હોવાનું પ્રસ્થાપિત થશે. અત્યાર સુધીમાં પશ્ચિમ બંગાળમાં માર્ક્સવાદી સામ્યવાદી પક્ષે 32 વર્ષ સુધી સતત શાસન કર્યું છે. તેના આ વિક્રમની નજીક ગુજરાત ભાજપ પહોંચી ગયો છે. આગામી ત્રણ વર્ષમાં આ વિક્રમ તૂટી જવાની સંભાવના છે.

ગુજરાતમાં ભાજપની સરકાર રચાઈ તે પછી લોકસભાની ચૂંટણીઓમાં પણ ભાજપનું ગુજરાતનું પ્રદર્શન સુધરતું આવ્યું છે. 1998માં ભાજપે લોકસભાની 19 અને 1999માં લોકસભાની 20 બેઠકો મેળવી હતી. 2004માં ભાજપની લોકસભાની બેઠકો 20થી ઘટીને 14 પર આવી ગઈ હતી. કોન્ગ્રેસે તે વખતે 12 બેઠક જીતી લીધી હતી. ત્યારબાદ 2009માં ભાજપે ફરી બાઉન્સ બેક કરીને 15 બેઠકો મેળવી હતી ત્યારબાદની લોકસભાની ત્રણેય ચૂંટણીમાં એટલે કે 2014 અને 2019માં ભાજપે ગુજરાતની તમામ 26 બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો. જોકે 2024માં 25 બેઠકો મેળવી છે.

ગુજરાતને ચાર પ્રદેશમાં વિભાજિત કરવામાં આવેલું છે, એક કચ્છ અને સૌરાષ્ટ્ર, બીજું ઉત્તર ગુજરાત, ત્રીજું દક્ષિણ ગુજરાત અને ચોથું મધ્યગુજરાત. દાયકાઓથી કચ્છ પ્રદેશ ભાજપનો કિલ્લો જ રહ્યું છે. ઉત્તર ગુજરાતની સાત બેઠકોમાં ગાંધીનગરની હાઈપ્રોફાઈલ બેઠકનો પણ સમાવેશ થાય છે. અત્યારે ગાંધીનગરની બેઠક કેન્દ્રના સહકારિતા અને ગૃહમંત્રી અમિત શાહના હાથમાં છે. ઉત્તર ગુજરાતના હિસ્સામાં અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમની બેઠક પણ આવે જ છે. મધ્ય ગુજરાતમાં વડોદરા, દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુરની બેઠકોનો સમાવેશ થાય છે. આ વિસ્તારના આદિવાસી મતદાતાઓ ભાજપ માટે અત્યંત મહત્વના છે. 2014 અને 2019ની માફક 2024માં પણ આદિવાસી મતદાતાઓએ ભાજપને સમર્થન આપ્યું

વિજેતા ઉમેદવાર

હસમુખ પટેલ

કુલ મેળવેલા મત

770459

અમદાવાદ પૂર્વ

કેટલા મતથી વિજય મેળવ્યો

461755

અમદાવાદની બંને બેઠકો ભાજપને

અમદાવાદ પશ્ચિમ અને અમદાવાદ પૂર્વની બેઠક પર ચોથીવાર ભાજપના ઉમેદવારો વિજયી થયા છે. અમદાવાદ પૂર્વની બેઠક પરથી ભાજપના હસમુખ પટેલ 4.59 લાખ મતથી વિજયી બન્યા છે. અમદાવાદ પૂર્વની બેઠક પરથી લડેલા કોન્ગ્રેસના હિમ્મતસિંહ પટેલનો પરાજય થયો છે. તેમ જ અમદાવાદ પશ્ચિમની બેઠક પરથી ભાજપના દિનેશ મકવાણા 2.87 લાખ મતની સરસાઈથી જીત્યા છે.

વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી 30 લાખ કરોડના મૂડીરોકાણો લાવીને ગુજરાતને ભારતના ઔદ્યોગિક નકશા પર અગ્રહરોળમાં બેસાડવાનું કામ નરેન્દ્ર મોદીએ કરીને ગુજરાતના બિઝનેસ ઉદ્યોગો ધમધમતા કર્યા અને રોજગારીની નવી તક નિર્માણ કરી.

વિજેતા ઉમેદવાર

દિનેશ મકવાણા

કુલ મેળવેલા મત

611704

અમદાવાદ પશ્ચિમ

કેટલા મતથી વિજય મેળવ્યો

286437

છે. પરિણામે ભાજપ માત્ર સવર્ણનો પક્ષ હોવાની છાપ ભૂંસાઈ છે અને સર્વજનનો પક્ષ હોવાની ઈમેજ સંગીન અને મજબૂત બની છે. દક્ષિણ ગુજરાતની બેઠકોમાં સુરત, ભરૂચ, નવસારી અને વલસાડની બેઠકનો સમાવેશ થાય છે. લોકસભાની છેલ્લી બે ચૂંટણીઓને જોવામાં આવે તો નવસારીની બેઠક સી.આર. પાટીલના પ્રભાવ હેઠળની બેઠક બની ગઈ છે. હા, 1980માં માધવસિંહ સોલંકીએ ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમનો સમાવેશ કરતી ખામ થિયરી સાથેનો ચૂંટણી વ્યૂહ અપનાવ્યો અને 1980ની ચૂંટણીમાં 142 અને 1985ની ચૂંટણીમાં 149 બેઠક પર વિજય મેળવ્યો હતો. જોકે ભાજપે ગુજરાત કોન્ગ્રેસના આ રેકોર્ડને 2022ની ચૂંટણીમાં 156 બેઠક પર વિજય હાંસલ કરીને તોડી નાખ્યો છે. ગુજરાતમાં પાટીદાર મતદાતાઓ બહુધા ભાજપની પડખે જ રહ્યા છે. ખામની થિયરી અમલમાં આવી તે પછી પાટીદાર મતદાતાઓને તેમનું વર્ચસ્વ તૂટતું જણાતા તેઓ ભાજપની તરફ ઝૂકવા માંડ્યા હતા. તેની સાથે ભાજપનો ગુજરાતમાં ઉદય થવાનો આરંભ થયો હતો. 1995માં પહેલીવાર કેશુભાઈ પટેલના વડપણ હેઠળ ભાજપને ગુજરાતમાં સરકાર સ્થાપવામાં સફળતા મળી હતી. ત્યારથી પાટીદાર ભાજપના વફાદાર મતદારો રહ્યા છે. ત્યાર પછીના સમયમાં ભાજપને હિન્દુ મતનો ટેકો મળતો થયો છે. રામમંદિરના મુદ્દે હિન્દુ મતદારો ભાજપને પડખે બેઠાં હતા. આજ સુધી આ મુદ્દે હિન્દુ મતદારો ભાજપને ગુજરાતમાં સમર્થન આપી રહ્યા છે. .

ગુજરાત મુંબઈ રાજ્યથી છૂટું પડીને અલગ ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી રમખાણો ગુજરાતનું એક અભિન્ન અંગ બની ગયા હતા. ગમે ત્યારે રમખાણો થાય ત્યારે નોકરી ધંધા બંધ પડી જતા હતા. લોકોને આવકના ફાંફા પડી જતાં હતા. તેથી ભાજપે હિન્દુત્વને મહત્તા આપવાની શરૂઆત કરી હતી. રમખાણના સમયમાં પ્રજાની પડખે

વિજેતા ઉમેદવાર

અમિત શાહ

ફુલ મેળવેલા મત

1010972

ગાંધીનગર

કેટલા મતથી વિજય મેળવ્યો

744716

નરેન્દ્ર મોદીની ગેરન્ટીમાં ગુજરાતની પ્રજાનો અતૂટ વિશ્વાસ ગુજરાતના પરિણામો પરથી પ્રતિબિંબિત થયો



ગાંધીનગરમાં અમિત શાહ છવાયા

કેન્દ્રના સહકારિતા મંત્રી અમિત અનિલચંદ્ર શાહ ગાંધીનગરની બેઠક પરથી 7,44,716 મતની પ્રચંડ લીડથી લોકસભાની ચૂંટણીમાં વિજયી થયા છે. આ સાથે જ ગાંધીનગરની બેઠક પરથી સતત આઠમીવાર ભાજપના ઉમેદવાર ચૂંટાઈ આવ્યા છે. તેમણે કોન્ગ્રેસના સોનલ પટેલને પરાજય આપ્યો છે. મતગણતરીના પહેલા રાઉન્ડથી અમિત શાહ આગળ રહ્યા હતા અને તેમની આ સરસાઈ સતત જળવાઈ રહી હતી. 2019ની સાલમાં અમિત શાહે જે માર્જિનથી વિજય મેળવ્યો હતો તેના કરતાં આ વખતે એટલે કે 2024માં તેમનું વિજયનું માર્જિન 1.88 લાખ મત વધ્યું હતું. અમિત શાહે કુલ 10,10,972 મત મેળવ્યા હતા. અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના મતદારોએ તેમને સૌથી વધુ સરસાઈ અપાવી હતી.

ઊભા રહીને રક્ષણ આપવાનું કામ કર્યું છે. તેની પરાકાષ્ઠા ત્યારે આવી જ્યારે 2001ના અયોધ્યા કાંડ પછી ભાજપે હિન્દુઓને તેમનું ખમીર અપાવ્યું. સ્વમાન અને નીડરતાથી જીવતા શીખવાડ્યુ. હુમલાખોરો સામે ઝૂકી જવાને બદલે હુમલાખોરા સામે હુંકાર કરતાં ગુજરાતના હિન્દુઓને શીખવાડ્યું. ત્યારથી આજ સુધી ગુજરાત અને કોમી રમખાણોની સ્થિતિમાં બદલાવ આવી ગયો છે. નોકરી ધંધા સલામત બન્યા છે. રમખાણો વિસરાવા માંડ્યા છે. નોકરી ધંધા વિકસ્યા છે. લોકો શાંતિનું જીવન જીવતા થયા છે. લોકોની આવકને

વિજેતા ઉમેદવાર

ડાભી ભરતસિંહજી

કુલ મેળવેલા મત

591947

પાટણ

કેટલા મતથી વિજય મેળવ્યો

31876

ફટકો પડતો અટકી ગયો છે. બીજીતરફ શિક્ષણ અને નોકરીમાં અનામત સામેના વિરોધ ચાલુ જ હતો. ભાજપે આરંભમાં રિઝર્વેશનના વિરોધમાં ચાલુ થયેલા આંદોલનમાં હિન્દુઓને ટેકો આપ્યો હતો. તેથી જ સવર્ણના પક્ષ તરીકે જાણીતા ભાજપ માટે બ્રાહ્મણ, પટેલ, વાણિયા અને ક્ષત્રિયોને સાચવવા જરૂરી હતી. ખામ થિયરીમાં સવર્ણોને કોઈ જ સ્થાન નહોતું. તેથી ભાજપ તેના પડખે ઊભો રહ્યો હતો. કોન્ગ્રેસે સવર્ણોને કોરાણે મૂક્યા તેનો ભરપૂર લાભ લઈને ભાજપે તેનું વર્ચસ્વ ગુજરાતમાં વધાર્યું હતું. ખામ થિયરીમાં ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમને પ્રાધાન્ય અપાતું હતું. ભાજપે તેનો લાભ લઈને હિન્દુત્વનું છત્ર ઊભુ કરી દીધું. આ તબક્કા સુધી ગુજરાતમાં ગાંધીવાદી ચળવળનો પ્રભાવ જોવા મળતો હતો.પરંતુ હવે ગાંધીવાદી ચળવળ અસ્તાચળે પહોંચી રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. સમયના બદલાવ સાથે આવેલું આ પરિવર્તન છે. ભાજપે કચ્છના રણમાં એમએસએમઈનો

ગુજરાતમાં આપ-કોન્ગ્રેસના ગઠબંધનને જાકારો

ગુજરાત વિધાનસભાની 2022માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપની સામે કોન્ગ્રેસ અને આમ આદમી પાર્ટી અલગથી ચૂંટણી લડ્યા હતા. લોકસભાની 2024ની ચૂંટણીમાં કોન્ગ્રેસ અને આમઆદમી પાર્ટી 24 બેઠક પર લડ્યા હતા. તેમાંથી બે બેઠક આમ આદમી પાર્ટીને ફાળવવામાં આવી હતી. 2022ની સાલમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે 156 બેઠક પર વિજય મેળવીને બંને હરીફોને તેમની હેસિયત બતાવી દીધી હતી. 2024ની લોકસભાની ચૂંટણીમાં પણ કોન્ગ્રેસ-આમઆદમી પાર્ટીના ગઠબંધનનો ગુજરાતમાં કરુણ રકાસ થયો છે. ખુદ કોન્ગ્રેસ માત્ર બનાસકાંઠાની બેઠક પર સ્થાનિક ઉમેદવારની પ્રતિષ્ઠાને જોરે કાઠું કાઢી શક્યો છે. અન્યથા તમામ બેઠકો પર તેમનું ધોવાણ થયું છે. જોકે તમાચો મારીને ગાલ રાતો રાખવાની માનસિકતા હજીય ગઈ નથી. તેમનો દાવો છે કે 2019ની તુલનાએ તેમના મતનો હિસ્સો 2024માં વધી ગયો છે. કોન્ગ્રેસ 2024ની લોકસભાની ચૂંટણીમાં ભરૂચ અને ભાવનગરની બેઠક આમ આદમી પાર્ટીને ફાળવી હતી. આ બંને બેઠક પર આમઆદમી પાર્ટીના ઉમેદવારોનો પરાજય થયો છે. બાકીની ચોવીસ બેઠક પર કોન્ગ્રેસના ઉમેદવારો મૂકવામાં આવ્યા હતા. ભરૂચની બેઠક પરથી ચૈતર વસાવાએ ભાજપના મનસુખ વસાવાનો લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નાકામિયાબ રહ્યા હતા. બીજી તરફ ભાવનગરની બેઠક પરથી આમ આદમી પાર્ટી-આપના ઉમેશ મકવાણાને કોન્ગ્રેસનો સંપૂર્ણ ટેકો હોવા છતાંય ભાજપના નિમુબેન બામ્ભણિયાને હલાવી પણ શક્યા નથી. નિમુબેન બામ્ભણિયા 4.55 લાખની સરસાઈથી ચૂંટણી જીત્યા છે તે તેનો બોલતો પુરાવો છે.

વિભાગ ચાલુ કરીને નવી પહેલ પણ કરી છે. તેના થકી સીધી કે આડકતરી રોજગારી નિર્માણ થાય છે.

ગુજરાતના ચૂંટણી પરિણામો દર્શાવે છે કે ગુજરાતની પ્રજા ગુજરાતના પનોતાપુત્ર ને પ્રધાનમંત્રી નરેન્દ્ર દામોદરદાસ મોદીને પડખે આજેય અડીખમ ઊભી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કાબેલિયત અને ભાજપના ચાણક્ય અમિત શાહની આવડતમાં હજીય ગુજરાતની જનતાને પૂરો ભરોસો છે. પરંતુ ગુજરાત ભાજપનો અભેદ્યા કિલ્લો હોવાનું ફરી એકવાર પ્રસ્થાપિત થયું છે. ગુજરાતની બહાર જે પરિણામ આવ્યા હોય તે, પરંતુ ગુજરાત રોક ઓફ જિબ્રાલ્ટરની માફક ભાજપની પડખે અડીખમ ઊભું છે તે મેસેજ આ સાથે ગુજરાતની પ્રજાએ તેમના માનીતા નેતા નરેન્દ્ર દામોદરદાસ મોદી અને અમિત અનિલચંદ્ર શાહને આપ્યો છે. ભાજપના પ્રમુખ ચંદ્રકાન્ત પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ યશના એટલા જ ભાગીદાર છે. બીજી તરફ ગુજરાત કોન્ગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મળીને તેમના ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા હતા. લોકસભા 2024ની ચૂંટણીમાં ગુજરાતમાંથી ચાર મહિલાઓ સાંસદ તરીકે ચૂંટાઈ આવી છે. ચારમાંથી ત્રણ મહિલાઓ ભાજપની છે. તેમાં જામનગરથી પૂનમ માડમ, ભાવનગરથી નિમુબેન બામ્ભણિયા અને સાબરકાંઠાની શોભના બારૈયાનો સમાવેશ થાય છે. જોકે 2019માં છ મહિલા સાંસદો ગુજરાતમાંથી ચૂંટાઈ હતી. બનાસકાંઠાની બેઠક પરથી પહેલીવાર મહિલા સાંસદ ચૂંટાયાં છે. બાંસઠ વર્ષમાં પહેલીવાર બનાસકાંઠાની બેઠક પરથી મહિલા સાંસદ તરીકે ચૂંટાયા છે.

વિજેતા ઉમેદવાર
જશુ ભીલુભાઈ રાઠવા
કુલ મેળવેલા મત
796589
છોટા ઉદેપુર
કેટલા મતથી વિજય મેળવ્યો
398777

વિજેતા ઉમેદવાર
ધવલ લક્ષ્મણભાઈ પટેલ
કુલ મેળવેલા મત
764226
વલસાડ
કેટલા મતથી વિજય મેળવ્યો
210704

વડોદરામાં ભાજપ જ ભાજપ

વડોદરાની બેઠક પરથી ભાજપના ડૉ. હેમાંગ જોશી જંગી બહુમતીથી વિજયી થયા છે. કોન્ગ્રેસના જશપાલસિંહ પઢિયારને તેમણે 5.82 લાખ મતની જંગી લીડથી પરાજિત કર્યા છે. વડોદરાની બેઠક પરથી પહેલીવાર ભાજપે 1991માં વિજય મેળવ્યો હતો. ત્યારબાદ આ બેઠક પર ભાજપનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે. હા, 1996ની ચૂંટણીમાં કોન્ગ્રેસના સત્યજિતરાવ ગાયકવાડ માત્ર 17 મતની સરસાઈથી વિજયી નીવડ્યા હતા. ત્યારબાદ યોજાયેલી તમામ ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારો જ વડોદરામાં વિજયી જાહેર થયા છે. જોકે 2019માં રંજમબેન ભટ્ટે વડોદરાની બેઠક પરથી 5.87 લાખ મતની સરસાઈથી વિજય મેળવ્યો હતો. રંજનબહેન ભટ્ટના આ વિક્રમી વિજયી માર્જિનને હેમાંગ જોશી પાર કરી શક્યા નથી. 2014ની સાલમાં નરેન્દ્ર મોદી વડોદરાની બેઠક પરથી 5.70 લાખ

વિજેતા ઉમેદવાર
ડૉ. હેમાંગ જોશી
કુલ મેળવેલા મત
873189
વડોદરા
કેટલા મતથી વિજય મેળવ્યો
582126

છોટા ઉદેપુરમાં વિક્રમી માર્જિનથી ભાજપનો વિજય

છોટા ઉદેપુરની બેઠક પરથી ભાજપના જ જશુભાઈ રાઠવા 7,96,589 મત મેળવીને 3,98,777ની પ્રચંડ લીડ સાથે ચૂંટાઈ આવ્યા છે. છોટાઉદેપુરની બેઠક પરથી સતત ચોથીવાર ભાજપ તરફથી લડી રહેલા ઉમેદવારે વિજય હાંસલ કર્યો છે. જશુભાઈ રાઠવાએ 2019ની ચૂંટણીમાં 3,75,575 મતની સરસાઈથી વિજય હાંસલ કરનાર ગીતાબેન રાઠવાના મતની સરસાઈના રેકોર્ડને તોડવામાં 2024માં સફળતા મેળવી છે. ગીતા વજુભાઈ રાઠવાએ 7,64,445 મત મેળવ્યા હતા. તેની સામે રણજિતસિંહ મોહનસિંહ રાઠવાએ 3,86,502 મત મળ્યા હતા. 2019ની ચૂંટણીમાં કુલ 8 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતા.

મતની સરસાઈથી વિજયી બન્યા હતા. 2019 અને 2024માં ભાજપના ઉમદેવારોની સરસાઈ વધી હોવાથી સ્પષ્ટ થાય છે કે વડોદરામાં ભાજપ લાંબા સમય સુધી અજેય રહેશે.

પંચમહાલની બેઠક પર પાંચ લાખથી વધુ મતથી વિજય

પંચમહાલની બેઠક પર ભાજપના રાજપાલસિંહ યાદવે તેમના કોન્ગ્રેસી હરીફ ગુલાબસિંહ ચૌહાણને 5,05, 107 મતથી પરાજય આપ્યો છે. મતગણતરીના 26 રાઉન્ડ પછી ભાજપના રાજપાલસિંહ યાદવે કોન્ગ્રેસના ગુલાબસિંહ ચૌહાણને પરાજય આપ્યો હતો. ભાજપના રાજપાલસિંહને 7,84,086 મત મળ્યા હતા. ગુલાબસિંહ ચૌહાણના મત 2,78,107 પર સીમિત રહ્યા હતા.

ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી રમખાણો થતાં લોકોના નોકરી ધંધા બંધ થઈ જતા આવકના ફાંફા પડતાં હતા ત્યારે પ્રજાની પડખે ઊભા રહીને રક્ષણ આપવાનું કામ કર્યું તેથી ભાજપમાં હિન્દુઓનો વિશ્વાસ વધ્યો

વિજેતા ઉમેદવાર
દેવુંસિંહ ચૌહાણ
કુલ મેળવેલા મત
744435
ખેડા
કેટલા મતથી વિજય મેળવ્યો
357758

ભરૂચની બેઠક પર ભાજપ સતત સાતમી વાર વિજય

લોકસભાની ભરૂચની બેઠક પરથી ભાજપના મનસુખ વસાવાનો 87,070 મતથી વિજય થયો છે. ભાજપે સતત સાતમી વાર ભરૂચની બેઠક પર મનસુખ વસાવાને ટિકીટ આપી હતી. બીજી તરફ કોન્ગ્રેસના સમર્થનથી લડી રહેલી આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવાર તરીકે ચૈતર વસાવાને ઊભા રાખ્યા હતા. ચૂંટણી પ્રચાર ટાણે લાગતું હતું કે ચૈતર વસાવા મનસુખ વસાવાને મજબૂત લડત આપશે. તેમાં આંશિક સફલતા મળી પણ છે. મનસુખ વસાવાની ઘટેલી લીડ તેનો પુરાવો છે. છેલ્લા રાઉન્ડમાં મનસુખ વસાવાને સરસાઈ મળી હતી.

દાહોદની બેઠક પર સતત ત્રીજીવાર જીત

લોકસભાની દાહોદની બેઠક પરથી ભાજપના જશવંતસિંહ ભાભોરે સતત ત્રીજીવાર વિજય મેળવ્યો છે. 3,35,180 મતની સરસરાઈથી કોન્ગ્રેસના ડૉ. પ્રભા તાવિયાડને પરાજિત કર્યા છે. જશવંતસિંહ ભાભોરને 6,85,734 મત મળ્યા હતા. તેની સામે પ્રભાવ તાવિયાડને 3,52,238 મત મળ્યા હતા. 2019ની ચૂટણીમાં જશવંત ભાભોરે કોન્ગ્રેસના બાબુ કટારાને 1,27,596 મતની સરસાઈથી પરાજય આપ્યો હતો. જશવંત ભાભોરને 5,61,760 મત મળ્યા હતા. તેની સામે બાબુ કટારાને 4,34,164 મત મળ્યા હતા.

આણંદમાં ભાજપનો સતત ત્રીજીવાર વિજય

નવસારીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલનો જયકાર

ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ 10,31,065 મત મેળવીને વિક્રમ સર્જક 7,73,551 મતની સરસાઈથી લોકસભાની બેઠક પર વિજેતા બન્યા છે. તેની સામે કોન્ગ્રેસના નૈષધ દેસાઈ માત્ર 2,57,514 મત મેળવી શક્યા હતા. નવસારી મતદાર સંઘના 22 લાખ મતદાતાઓમાંથી અંદાજે 13.26 લાખ એટલે કે 59.66 ટકા મતદારોએ મતદાન કર્યું હતું. 2019ની ચૂંટણીમાં સીઆર પાટીલે 6,89 લાખની સરસાઈથી નવસારીની બેઠક પર વિજય મેળવ્યો હતો. તેના કરતાંય આ વખતે વધુ મોટી સરસાઈ સાથે વિજય મેળવ્યો છે.

વિજેતા ઉમેદવાર
સી.આર. પાટિલ
કુલ મેળવેલા મત
1031065
નવસારી
કેટલા મતથી વિજય મેળવ્યો
773551

આણંદ લોકસભાની બેઠક પરથી ભાજપના મિતેશ પટેલે 90,000થી વધુ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. મિતેશ પટેલ સતત બીજી મુદત માટે આણંદની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. અલબત્ત પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિયો અંગેના નિવેદનને કારણે મિતેશ પટેલનું વિજયનું માર્જિન નીચે આવ્યુ હોવાનું માનવામાં આવે છે. લોકસભાની 2019ની ચૂંટણીમાં મિતેશ પટેલ 1,97,718 મતની લીડથી વિજયી થયા હતા. ભાજપના ઉમેદવાર મિતેશ પટેલને કુલ 6,07,004 મત મળ્યા હતા. તેની સામે કોન્ગ્રેસના ઉમેદવારને 5,16,216 મત મળ્યા હતા.

વિજેતા ઉમેદવાર
ચંદુભાઈ છગનભાઈ સિહોરા

કુલ મેળવેલા મત
669749

સુરેન્દ્રનગર

કેટલા મતથી વિજય મેળવ્યો
261617

ખેડાની બેઠક પર ભાજપનો વિજય

લોકસભાની ખેડાની બેઠક પરથી ભાજપના દેવું સિંહ ચૌહાણે 3,75, લાખથી વધુ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. કોન્ગ્રેસના કાળુસિંહ ડાભીને તેમણે પરાજિત કર્યા છે. દેવુંસિંહ ચૌહાણે 7,44,435 મત મેળવ્યા હતા. ખેડા જિલ્લાની બેઠક પર પણ ક્ષત્રિયોના ભાજપ વિરોધની અસર હેઠળ પક્ષની સરસાઈમાં ઘટાડો જોવા મળ્યો છે.

પોરબંદરની બેઠક પર મનસુખ માંડવિયાનો દબદબો

લોકસભાની પોરબંદરને બેઠક પરથી ભાજપના કેન્દ્રિય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ 3.80 લાખની પ્રચંડ સરસાઈથી કોન્ગ્રેસના લલિત વસોયાના પરાજિત કર્યા હતા. કોન્ગ્રેસના મોટા ગજાના નેતા ગણાતા અર્જુન મોઢવાડિયા ભાજપમાં જોડાઈ ગયા હોવાથી પણ કોન્ગ્રેસના મતમાં ગાબડાં પડ્યા હોવાનું માનવામાં આવે છે.

બારડોલીમાં ભાજપની હેટ્રિક

બારડોલીની બેઠક પરથી ભાજપના પ્રભુ વસાવાએ લોકસભાની ચૂંટણીમાં ત્રીજી મુદત માટે વિજય મેળવીને હેટ્રિક કરી છે. બારમા રાઉન્ડને અંતે 2,30,253ની લીડ સાથે પ્રભુ વસાવાની જીત નિશ્ચિત થઈ ગઈ હતી. પ્રભુ વસાવાને 7,63,950 મત મળ્યા હતા. તેની સામે તેમના હરીફ કોન્ગ્રેસના સિદ્ધાર્થ ચૌધરીને 5,33,197 મત મળ્યા હતા. ચૂંટણી પૂર્વે રાહુલ ગાંધીએ બારડોલીમાં કરેલી ન્યાયયાત્રાનો કોઈ જ પ્રભાવ મતદાતાઓ પર જોવા મળ્યો નહોતો. તેમ જ માજી સાંસદ, અમરસિંહ ચૌધરીના પુત્ર અને તાપી જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા સિદ્ધાર્થ ચૌધરીને ટિકીટ આપી હોવા છતાંય કોન્ગ્રેસનું બહુ ઉપજ્યું નહોતું.

વિજેતા ઉમેદવાર
પ્રભુ નાગરભાઈ વસાવા

કુલ મેળવેલા મત
763950

બારડોલી

કેટલા મતથી વિજય મેળવ્યો
230253

તેની સામે ભાજપે સહકારી માળખાનો ઉપયોગ કરીને અને તાપી તથા વ્યારા જિલ્લા પંચાયતમાં રહીને લોક વિકાસના કાર્યો કર્યા હોવાથી પ્રજા પાસે મત માગ્યા હતા. વ્યારા સુગર ફેક્ટરીને ફરી ધમધમતી કરી આપી હતી. તેનો પ્રભાવ પણ મતદાતાઓના મન પર ખાસ્સો પડ્યો હતો. આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી મતોનું થયેલું ધ્રુવીકરણ પણ ભાજપના વિજય માટે જવાબદાર બન્યું છે.



વિજેતા ઉમેદવાર
ડૉ. મનસુખ માંડવિયા

કુલ મેળવેલા મત
633118

પોરબંદર

કેટલા મતથી વિજય મેળવ્યો
383360

વલસાડની બેઠક પર જે પક્ષ જીતે તેની કેન્દ્રમાં સરકાર બને

વલસાડની બેઠક પરથી ભાજપના ધવલ પટેલે 2,10,704 મતની લીડથી કોન્ગ્રેસના અનંત પટેલને પરાજય આપ્યો હતો. ગુજરાતમાં વલસાડની બેઠક પર સૌથી વધુ

72.71 ટકા મતદાન થયું હતું. ભાજપના ધવલ પટેલે 7,65,226 અને કોન્ગ્રેસના અનંત પટેલે 5,53,522 મત મેળવ્યા હતા. ચોવીસ રાઉન્ડની ગણતરીને અંતે ભાજપના ધવલ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વલસાડની બેઠક પરથી જે પક્ષના ઉમેદવાર વિજેતા બને છે તે જ પક્ષની સરકાર કેન્દ્રમાં બને છે એવી માન્યતા છે. તેથી તમામ પક્ષો વલસાડની બેઠકને શુકનવંતી ગણે છે. 1957થી 1977ના ગાળામાં વલસાડની બેઠક પરથી કોંગ્રેસના નાનુભાઈ પટેલ ચૂંટણી જીત્યા છે. આ ચારેય વખત કોન્ગ્રેસની સરકાર બની હતી. 1977માં પણ નાનુ પટેલ જનતા દળના ઉમેદવાર તરીકે વિજયી બન્યા ત્યારે કેન્દ્રમાં જનતા દળની સરકાર બની હતી અને મોરારજી દેસાઈ વડા પ્રધાન બન્યા હતા. 1980થી 1989ના ગાળામાં કોન્ગ્રેસના ઉમેદવાર ઉત્તમ પટેલે વિજય મેળવ્યો હોવાથી કેન્દ્રમાં કોન્ગ્રેસની સરકાર રચાઈ હતી. 1989-90માં જનતા દળના ઉમેદવાર તરીકે અર્જુન પટેલ ચૂંટાયા હતા અને કેન્દ્રમાં વીપી સિંહના વડપણ હેઠળ જનતા દળની સરકાર રચાઈ હતી. લોકસભાની છેલ્લી ત્રણ ચૂંટણીથી ભાજપના ઉમેદવાર આ બેઠક પરથી વિજયી થયા છે.

વિજેતા ઉમેદવાર
પુરુષોત્તમ રૂપાલા
કુલ મેળવેલા મત
857984
રાજકોટ
કેટલા મતથી વિજય મેળવ્યો
484260

રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલા વિજયી

ક્ષત્રિયો અંગેના પુરુષોત્તમ રૂપાલા નિવેદન સામે સમગ્ર ગુજરાત અને રાજસ્થાન સહિતના રાજ્યોમાં વિરોધનો વંટોળ ઊઠ્યો હતો. આ સ્થિતિમાં પુરુષોત્તમ રૂપાલા માટે ચઢાણ કપરાં રહેવાની માન્યતા હતી. પરંતુ આ માન્યતાને ખોટી સાબિત કરીને ભાજપના પુરુષોત્તમ રૂપાલાએ 4.84 લાખ મતની સરસાઈથી કોન્ગ્રેસના પરેશ ધાનાણીને પરાજય આપ્યો હતો. રૂપાલા અને ધાનાણી આમ તો અમરેલીના જ છે. પરંતુ તેમને રાજકોટમાંથી ચૂંટણી લડાવી હતી. રૂપાલાના 8,57,984 મત મળ્યા હતા. તેની સામે પરેશ ધાનાણીને 3,73,824 મત મળ્યા હતા.

વિજેતા ઉમેદવાર
મુકેશ ચંદ્રકાન્ત દલાલ
કુલ મેળવેલા મત
બિનહરીફ
સૂરત
કેટલા મતથી વિજય મેળવ્યો
બિનહરીફ

સુરેન્દ્રનગરની બેઠક પર ચંદુ શિહોરાનો જયકાર

સુરેન્દ્રનગરની બેઠક પરથી ભાજપના ચંદુભાઈ શિહોરાનો 2,60,118 મતથી વિજય થયો છે. તેમણે 6,62,622 મત મેળવ્યા છે. તેની સામે કોન્ગ્રેસના ઋત્વિક મકવાણાએ 4,02,504 મત મેળવ્યા છે. આ બેઠક પર પણ ક્ષત્રિયોના ભાજપ વિરોધી આંદોલનની અસર જોવા મળી હોવાનું માનવામાં આવે છે. ભાજપના ઉમેદવારની વિજયની સરસાઈને ધ્યાનમાં લેતા આ તારણ કાઢવામાં આવી રહ્યું છે.

ભાવનગરની બેઠક પણ ભાજપને ફાળે

ભાવનગરની બેઠક પરથી ભાજપના નિમુબેન બામ્ભણિયાએ 7,16,883 મત મેળવીને વિજય હાંસલ કર્યો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાને ભાવનગરની બેઠક પરથી 2,61,594 મત મળ્યા હતા. આમ 4,55,289 મતની સરસાઈથી વિજય મેળવ્યો હતો. ભાવનગરની બેઠક પરથી 4.55 લાખ મતની સરસાઈથી કોઈ ઉમેદવાર પહેલીવાર જીત્યો છે.

અમરેલીમાં ભાજપને કાઠું પડશેની માન્યતા ખોટી ઠરી

લોકસભાની અમરેલીની બેઠક પર

વિજેતા ઉમેદવાર
પૂનમ હેમંત માડમ
કુલ મેળવેલા મત
620049
જામનગર
કેટલા મતથી વિજય મેળવ્યો
238008

આ વખતે વિજય મેળવવામાં ભાજપને મુશ્કેલ પડશે તેવી માન્યતા હતા. પંરતુ આ માન્યતાને ખોટી સાબિત કરીને ભાજપના ભરત સુતારીયાએ કોન્ગ્રેસનાં ઉમેદવારને 3,21,068 મતથી પરાજિત કર્યા છે. અગાઉ ભાજપના નારાણ કાછડિયાએ બે લાખ મતની લીડથી પરેશ ધાનાણીને પરાજિત કરીને વિજય હાંસલ કર્યો હતો. આમ ભાજપના ઉમેદવારને મળેલી સરસાઈ જેટલા મત પણ જેની ઢુમ્મર મેળવી શક્યા નથી.

વિજેતા ઉમેદવાર
હરિભાઈ પટેલ
ફુલ મેળવેલા મત
686406
મહેસાણા
કેટલા મતથી વિજય મેળવ્યો
328046

જામનગરની બેઠક પર પૂનમ માડમ ત્રીજીવાર ચૂંટાયા

લોકસભાની જામનગરની બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પૂનમ માડમ સતત ત્રીજી મુદત માટે જંગી સરસાઈથી જીતી ગયા છે. તેમણે 2,38,008 મતથી વિજય હાંસલ કર્યો છે. કોન્ગ્રેસના ઉમેદવાર જે.પી.મારવિયાને પરાજિત કર્યા હતા. રાજકોટમાં ભાજપના કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો નારાજ થાય તેવું નિવેદન કર્યું હોવાથી જામનગરની બેઠક પર પણ તેના છાંટા ઊડ્યા હોવાનો ભય હતો. જામનગરના ક્ષત્રિયા તરફથી પૂનમ માડમે વિરોધનો પ્રતિકાર કરવો પડ્યો હતો. પરંતુ પરિણામ આવ્યું ત્યારે તેની ખાસ કોઈ અસર જોવા મળી નહોતી. પૂનમ માડમે 6,20,049 મત મેળવ્યા હતા. તેની સામે જે.પી. મારવિયાના 3,82,041 મત મળ્યા હતા.

કચ્છની બેઠક પણ ભાજપની ઝોળીમાં

લોકસભાની કચ્છની બેઠક પરથી પણ ભાજપના વિનોદ ચાવડાએ 2.68 લાખ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. વિનાદ ચાવડાને 6,59,574 મત મળ્યા હતા. તેની સામે કોન્ગ્રેસના નીતેશ લાલનને 3,90,392 મત મળ્યા હતા. રાજકોટના અગ્નિકાંડની ઘટનાને કારણે તેમણે આ વિજયની ઉજવણી કરવાનું ટાળ્યું હતું. 2019ની ચૂંટણી કરતાં આ વખતે ભાજપને 22,540 મત વધુ મળ્યા છે. કચ્છની બેઠક પર છેલ્લી સાત ટર્મથી ભાજપના ઉમેદવાર વિજયી થઈ રહ્યા છે. લોકસભાના વિસ્તારની દ્રષ્ટિએ કચ્છની બેઠક સૌથી મોટી છે. 1996થી આ બેઠક ભાજપનો ગઢ ગણાતી આવી છે.

વિજેતા ઉમેદવાર
ચુડાસમા રાજેશ નારણભાઈ
ફુલ મેળવેલા મત
584049
જૂનાગઢ
કેટલા મતથી વિજય મેળવ્યો
135494

મહેસાણાની બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો

લોકસભાની મહેસાણાની બેઠક પરથી ભાજપના હરિભાઈ પટેલે 6,86,406 મત સાથે 3,38 લાખ મતની સરસાઈથી કોન્ગ્રેસના રામજી ઠાકોરને પરાજય આપ્યો હતો. રામજી ઠાકોરે કુલ પડેલા મતમાંથી 3,58,360 મત મેળવ્યા હતા. મહેસાણાની બેઠક પર નોટાના મત 11000થી વધુ પડ્યા હતા. આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા અન્ય ચાર ઉમેદવારોને નોટાના મતથી પણ ઓછા મત મળ્યા હતા.

વિજેતા ઉમેદવાર
ચાવડા વિનોદ લખમશી
ફુલ મેળવેલા મત
659574
કચ્છ
કેટલા મતથી વિજય મેળવ્યો
268782

સાબરકાંઠાની બેઠક પર શોભના બારૈયા ચૂંટાયા

લોકસભાની સાબરકાંઠાની બેઠક પરથી ભાજપના શોભના મહેન્દ્રસિંહ બારૈયાએ કોન્ગ્રેસના તુષાર ચૌધરીને 1,55,027 મતથી પરાજય આપ્યો હતો. સાબરકાંઠામાં ભાજપના શોભના બારૈયાએ 6,77,318 મત મેળવ્યા હતા. સાબરકાંઠાની બેઠક પરથી ભાજપના ઉમેદવારે સતત ચોથીવાર વિજય હાંસલ કર્યો છે. જોકે તેમના જીતના માર્જિનમાં 1,13,960

મતનો ઘટાડો થયો છે. કોન્ગ્રેસના તુષાર ચૌધરીને 5,15,902 મત મળ્યા હતા. આ મતવિસ્તારમાં નોટાના 22,665 મત પડ્યા હતા. નોટાનું બટન દબાવનારા મતદારો

2017માં એન્ટિ ઇન્કમ્બન્સીએ ભાજપને 99 સીટ પર લાવી દીધો પછી બાઉન્સબેક કરીને 2022ની વિધાનસભાની ચૂંટણીમાં 52.5 ટકાથી વધુ મત અને 156 બેઠક પર વિજય હાંસલ કરીને ભાજપે ઇતિહાસ રચી દીધો હતો

વિજેતા ઉમેદવાર
રાજપાલસિંહ મહેન્દ્રસિંહ યાદવ

કુલ મેળવેલા મત
794579

પંચમહાલ

કેટલા મતથી વિજય મેળવ્યો
509342

ભાજપ કે કોન્ગ્રેસ કે અન્ય કોઈ પક્ષના ઉમેદવારને વોટ આપવાનું પસંદ ન કરતા હોવાનો સંદેશ આપે છે. આ બેઠક પર 2009થી સતત ભાજપ જીતતો આવ્યો છે.

પાટણ બેઠક પર કોંગ્રેસને પછડાટ

પાટણની બેઠક પરથી ભાજપના ભરતસિંહજી શંકરસિહજી ડાભીએ 5,91,947 મત મેળવીને કોન્ગ્રેસના ઉમેદવારને સજ્જડ પરાજય આપ્યો છે. પહેલા પંદર રાઉન્ડની ગણતરી સુધી કોન્ગ્રેસના ચંદનજી ભાજપના ઉમેદવારથી આગળ હતા. પરિણામે આ વખતે પાટણમાં ભાજપને આંચકો લાગશે તેવી આશા બળવત્તર બની હતી. પંરતુ બપોર પછીની મતગણતરીમાં ભાજપના ભરતસિંહ ડાભીની ગાડીએ ગતિ પકડી હતી.

કચ્છની બેઠક પણ ભાજપની ઝોળીમાં

લોકસભાની કચ્છની બેઠક પરથી પણ ભાજપના વિનોદ ચાવડાએ 2.68 લાખ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. વિનાદ ચાવડાને 6,59,574 મત મળ્યા હતા. તેની સામે કોન્ગ્રેસના નીતેશ લાલનને 3,90,392 મત મળ્યા હતા. રાજકોટના અગ્નિકાંડની ઘટનાને કારણે તેમણે આ વિજયની ઉજવણી કરવાનું ટાળ્યું હતું. 2019ની ચૂંટણી કરતાં આ વખતે ભાજપને 22,540 મત વધુ મળ્યા છે. કચ્છની બેઠક પર છેલ્લી સાત ટર્મથી ભાજપના ઉમેદવાર વિજયી થઈ રહ્યા છે. લોકસભાના વિસ્તારની દ્રષ્ટિએ કચ્છની બેઠક સૌથી મોટી છે. 1996થી આ બેઠક ભાજપનો ગઢ ગણાતી આવી છે.

વિજેતા ઉમેદવાર
ભરત મનુભાઈ સુતરિયા

કુલ મેળવેલા મત
580872

અમરેલી

કેટલા મતથી વિજય મેળવ્યો
321068

વિજેતા ઉમેદવાર
નિમુબેન જયંત બામ્ભણિયા

કુલ મેળવેલા મત
716883

ભાવનગર

કેટલા મતથી વિજય મેળવ્યો
455289

વિજેતા ઉમેદવાર
મિતેશ પટેલ (બકાભાઈ)

કુલ મેળવેલા મત
612484

આણંદ

કેટલા મતથી વિજય મેળવ્યો
89939

જૂનાગઢમાં કોન્ગ્રેસનો ગજ ન વાગ્યો

લોકસભાની જૂનાગઢની બેઠક પરથી ભાજપના રાજેશ ચુડાસમાએ 5.84 લાખ મત મેળવીને કોન્ગ્રેસના હીરાભાઈ જોટવાને 1.35 લાખ મતની સરસાઈથી પરાજય આપ્યો હતો. જોકે 2019ની ચૂંટણીમાં ભાજપને મળેલી સરસાઈ કરતાં 2024માં મળેલી સરસાઈમાં 14000થી વધુ મતનો ઘટાડો જોવા મળ્યો છે. છતાંય ભાજપને વિજય મળ્યો છે. જૂનાગઢની બેઠક પણ ભાજપે સતત ત્રીજીવાર જીતી લીધી છે. ત્રીજા રાઉન્ડ સુધી કોન્ગ્રેસના હીરાભાઈ જોટવા આગળ હતા, પરંતુ ચોથા રાઉન્ડથી રાજેશ ચુડાસમાની ગાડીએ ગતિ પકડી હતી. તેની સરસાઈ વધારવાની સ્પીડને ત્યારબાદ ક્યારેય કોન્ગ્રેસના ઉમેદવાર આંબી શક્યા નહોતા. ભાજપના રાજેશ ચુડાસમાને 5,84,049 મત અને કોન્ગ્રેસના હીરા જોટવાને 4,48,555 મત મળ્યા હતા.

વિજેતા ઉમેદવાર

મનસુખ ધનજીભાઈ વસાવા

ફુલ મેળવેલા મત

608157

ભરૂચ

કેટલા મતથી વિજય મેળવ્યો

85696

વિજેતા ઉમેદવાર

જશવંતસિંહ સુમનભાઈ ભાભોર

ફુલ મેળવેલા મત

688715

દાહોદ

કેટલા મતથી વિજય મેળવ્યો

333677

વિજેતા ઉમેદવાર

શોભના મહેન્દ્રસિંહ બારૈયા

ફુલ મેળવેલા મત

677318

સાબરકાંઠા

કેટલા મતથી વિજય મેળવ્યો

155682

કેન્દ્રીય મંત્રી અમિત શાહને ફરી સહકારિતા મંત્રાલયની જવાબદારી સોંપાઈ

મોદી સરકારની ત્રીજી ટર્મમાં ગાંધીનગરમાંથી જંગી બહુમતિથી ચૂંટાઈ આવેલા કેન્દ્રીય મંત્રી અમિત શાહને ગૃહ અને સહકારિતા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. દેશના સર્વપ્રથમ સહકાર મંત્રી તરીકે અમિત શાહે ખૂબ જ ઉમદા કામગીરી કરી છે. તેમના વડપણ હેઠળ દેશનું સહકાર ક્ષેત્ર સમૃદ્ધિના નવા શિખરો સર કરી રહ્યું છે. સહકાર ક્ષેત્રને અત્યાધુનિક બનાવવા માટે તેમણે પેક્સના કોમ્પ્યુટરાઈઝેશન અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર (C to C)ની ઝુંબેશ પણ હાથ ધરી છે. તેનાથી સહકારી સંસ્થાઓની સંગીનતા અને સમૃદ્ધિ વધી છે. અમિત શાહને જંગી બહુમતિથી જીતાડીને દેશના નાગરિકોએ તેમની કુનેહમાં વિશ્વાસ પુનઃપ્રસ્થાપિત કર્યો છે. તેમના કુશળ નેતૃત્વમાં સહકાર ક્ષેત્ર સફળતાના નવા સોપાનો સર કરશે તેવો સૌને વિશ્વાસ છે. કેન્દ્રમાં મોદી સરકારની પુનઃનિયુક્તિથી દેશ હવે વિકાસની દિશામાં પૂરઝડપે આગળ વધવા માટે તત્પર છે.



ગુજરાતમાં 9 લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તાજેતરમાં મહારાષ્ટ્રના સંભાજીનગરમાં એક સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, "ઉદ્યોગો એ ફક્ત નફો રળવાનું સાધન નથી. તેનાથી સમાજના વિકાસમાં યોગદાન આપી શકાય છે. દેશ તથા સમાજના સર્વાંગી વિકાસમાં ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. તેનાથી રોજગારી વધે છે, GDPની વૃદ્ધિ થાય છે અને દેશનો વિકાસ થાય છે." ઉલ્લેખનીય છે કે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતીના હિમાયતી છે. તેમની પ્રેરણા અને પહેલોના કારણે આજે ગુજરાતમાં 0 લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. તેઓ પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોની મુલાકાત લે છે અને તેમનું સન્માન કરીને અન્ય ખેડૂતોને પણ સજીવ ખેતી તરફ વળવાનું પ્રોત્સાહન આપે છે.

ખેતી બેન્કે ઝીરો ટકા NPA સાથે ઈતિહાસ સર્જ્યો

ગુજરાતના રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યની ઉપસ્થિતિમાં ખેતી બેન્કની 72મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરીએ ખેતી બેન્ક દ્વારા ઈન્ટરયોરન્સ બિઝનેસનો શુભારંભ કર્યો

ગુજરાતમાં ખેતી બેન્ક તરીકે પ્રચલિત ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ એગ્રીકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કે 18મી જૂને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં 72મી વાર્ષિક સાધારણ સભા યોજી હતી. આ સભામાં ગુજરાતના રાજ્યપાલ ઉપરાંત ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા, ગુજરાત વિધાનસભાના સ્પીકર શંકરભાઈ ચૌધરી, ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપિન પટેલ, ગુજરાત સ્ટેટ કો.ઓપ યુનિયન (GSCU) ના ચેરમેન ઘનશ્યામ અમીન, GCMMF (અમૂલ)ના ચેરમેન શામળભાઈ પટેલ, ગુજરાત હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનના ચેરમેન દેવરાજભાઈ ચીખલીયા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી તથા રાજકીય અને સહકારી ક્ષેત્રના આગેવાનો તથા બેંકની તમામ શાખાના પ્રતીનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખેતી બેન્કની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત સૌને સંબોધન કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું, "દેશના ખેડૂતોએ જમીનની તંદુરસ્તી સુધારે અને બાયોડાઈવર્સિટીને જાળવી રાખે તેવી કૃષિ પદ્ધતિઓ અપનાવવી જોઈએ." તેમણે ખેડૂતોને રસાયણિક ખાતર વાપરવાને બદલે પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું હતુ. તેમણે જણાવ્યું કે પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા વધે છે અને તેમાં ઉગતી કૃષિ પેદાશોના પોષકતત્વોમાં પણ વધારો થાય છે. સાથે સાથે કૃષિને કારણે પર્યાવરણ પર થતી નકારાત્મક અસરોમાં ઘટાડો કરી શકાય છે. તેમણે જણાવ્યું કે આ તમામ

કારણોસર રાસાયણિક ખાતર અને જંતુનાશકો પર અવલંબન ઘટાડવું જરૂરી બની જાય છે. સહકાર ક્ષેત્રના મોવડીઓને સંબોધતા આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે સરકાર દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમો, ટ્રેનિંગ વર્કશોપમાં ભાગ લઈને થતા ખેડૂત સમૂહો દ્વારા હાથ ધરાતી પહેલોમાં ભાગ લઈને ખેડૂત પ્રાકૃતિક ખેતી વિષે વધારે શીખી શકે તેમ છે.

72મી વાર્ષિક સાધારણ સભા નિમિત્તે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ પી.એમ

0 ટકા NPA સાથે ખેતી બેન્કે ઈતિહાસ સર્જ્યો, રૂ. 64.30 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો

કિસાન સન્માન નિધિના લાભ ખેડૂતો સુધી પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે રૂ. 225 કરોડના ખર્ચે ARDBમાં કોમ્પ્યુટરાઈઝેશન પ્રોગ્રામ લોન્ચ કરવા બદલ કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહના પ્રયત્નોને બિરદાવી લીધા હતા. આ વર્ષે ખેતી બેન્કે તેના શેરધારકો માટે 15 ટકા ડિવિડન્ડની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગત નાણાંકીય વર્ષમાં ખેતી બેન્કે ખૂબ જ સફળ દેખાવ કર્યો હતો. કંપનીએ 31 માર્ચ 2024ના રોજ પૂર્ણ થનારા નાણાંકીય વર્ષના અંતે રૂ. 92.35 કરોડનો કુલ નફો અને રૂ. 64.30 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો

ખેતી બેન્કની ટેબ્લેટ બેન્કિંગ સેવાથી ઘેર બેઠા બેન્કિંગ સેવાઓનો લાભ મળશે

ખેતી બેન્કની 72મી વાર્ષિક સાધારણ સભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બેન્કની નવી ટેબ્લેટ બેન્કિંગ સેવા લોન્ચ કરી હતી. આ સેવાથી હવે ખેતી બેન્કના સભાસદો તથા થાપણદારોને બેન્કને લગતી બધી જ સેવાઓ ઘરઆંગણે મળી શકશે. બેન્કનું ખાતુ ખોલાવવા, લોન માટે અરજી કરવા સહિતની બેન્કિંગ સુવિધાઓ મેળવવા માટે તેમણે બેન્કની શાખા પર આવવાની જરૂર પડશે નહિ. ખેતી બેન્કના કર્મચારીઓ ટેબ્લેટની મદદથી થાપણદાર કે સભાસદના ઘરઆંગણેથી તેમને બધી જ સુવિધાઓ પૂરી પાડશે. આમ બેન્કના કામ કરવામાં લાગતો સમય બચી જશે અને ઝડપી બેન્કિંગ સેવાઓ મળી શકશે.

હતો. વર્ષ 2023-24 દરમિયાન બેન્કની NPA 0 ટકા રહી હતી. આ રીતે ખેતી બેન્ક દેશના ઈતિહાસમાં 0 ટકા નેટ NPA ધરાવતી સૌપ્રથમ ખેતી બેન્ક બની રહી હતી.

ગત વર્ષે ખેતી બેન્કમાં 3287 જેટલા નવા ખાતેદારો ઉમેરાયા હતા. આ સાથે બેન્કની કુલ સભ્ય સંખ્યા 31 માર્ચ 2024ના રોજ 2,92,759 થઈ ગઈ છે. ગત વર્ષે બેન્કની શેર મૂડી રૂ. 47.07 કરોડ હતી જે આ વર્ષે વધીને રૂ. 51.91 કરોડ જેટલી થઈ ગઈ છે. આ વર્ષે બેન્કની રિકવરીની ટકાવરીમાં પણ વધારો જોવા મળ્યો હતો. નાણાંકીય વર્ષ 2023-24માં રૂ. 581.67 કરોડની ડિમાન્ડ સામે બેન્ક રૂ. 283.07 કરોડની એટલે કે 48.66 ટકા જેટલી રિકવરી મેળવી શકી હતી. ગત વર્ષની સરખામણીએ રિકવરીમાં પણ 3.69

ત્રણ ખાતેદારોને અકસ્માત વીમા યોજના અંતર્ગત રૂ. 2 લાખ ચૂકવાયા

ગત નાણાંકીય વર્ષ દરમિયાન ખેતી બેન્કમાં લોન ધરાવતા ત્રણ ખાતેદારોના આકસ્મિક અવસાન થયા હતા. ખેતી બેન્કે તેમના વારસદારોને રૂ. 2 લાખના ચેક અર્પણ કર્યા હતા. આ ચેક રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે ખેડૂતોના વારસદારોને આપવામાં આવ્યા હતા.



ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો.

બેન્કે ઓક્ટોબર 2023થી માર્ચ 2024 સુધી બાકીદારો માટે OTS (વન ટાઈમ સેટલમેન્ટ) સ્કીમ બહાર પાડી હતી. આ યોજનાનો લાભ 3032 બાકીદારોએ લીધો હતો અને તેમાંથી બેન્ક રૂ. 59.35 કરોડ જેટલી માતબર રકમ રિકવર કરી શકી હતી. આ યોજના અંતર્ગત બેન્કે બાકીદારોને રૂ. 36.69 કરોડની વ્યાજ માફી આપી હતી. તેનાથી ખેડૂતોને પણ વન ટાઈમ સેટલમેન્ટ યોજનાથી સારો લાભ મળ્યો હતો.



પ્રાકૃતિક કૃષિમાં યોગદાન આપનાર 11 પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન

ખેતી બેન્ક પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તેવી પહેલ હાથ ધરવામાં સદાય ઉત્સાહી રહે છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાકૃતિક પદ્ધતિથી કૃષિ ઉત્પાદન વધારનારા 11 જેટલા પ્રગતિશીલ ખેડૂતોનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ખેડૂતનું નામ	જિલ્લો	શેના માટે એવોર્ડ મળ્યો
મુકેશભાઈ મોહનભાઈ નાયક	નવસારી	અલ્ટ્રાહાઈડ્રેડ બાગાયતી પાકોની ખેતી અને મિશ્ર પાક પદ્ધતિ
ગોલણભાઈ અનકભાઈ વાળા	અમરેલી	પંચસ્તરીય બાગાયતી પાકોની ખેતી અને મૂલ્યવર્ધન કરી વેચાણ
રેખાબેન રમેશભાઈ વિરાણી	બોટાદ	પ્રાકૃતિક રીતે શાકભાજી અને ધાન્ય પાકોની ખેતી
મનિષાબેન ઘનશ્યામભાઈ રામાણી	અરવલ્લી	પ્રાકૃતિક બાગાયતી પાકોની ખેતી અને મૂલ્યવર્ધન કરી પરિવારના સભ્યો દ્વારા વેચાણ
ઉર્મિલાબેન પર્વતભાઈ સોલંકી	પંચમહાલ	પ્રાકૃતિક રીતે મિશ્રપાક ખેતી
હર્ષદભાઈ મફતલાલ ચૌધરી	મહેસાણા	પ્રાકૃતિક રીતે ધાન્ય પાકો અને શાકભાજીની ખેતી
જુલીબેન ભાવેશભાઈ માવાણી	કચ્છ	પ્રાકૃતિક રીતે બાગાયતી પાકો આંબા, ડ્રેગનફ્રુટ, જામફળ અને સરગવાની ખેતી અને મૂલ્યવર્ધન કરી વેચાણ
જેઠીબેન ભીખાભાઈ ભૂટકા	બનાસકાંઠા	પ્રાકૃતિક રીતે બાગાયતી પાકોની મિશ્ર પાક ખેતી પદ્ધતિ
હિતેશભાઈ શીવાભાઈ મેણીયા	ચોટીલા	પ્રાકૃતિક રીતે ખેતી પદ્ધતિ અને દેશી બીજ બેન્ક
રમેશભાઈ મશરૂભાઈ સાંકળીયા	બોટાદ	જંગલ મોડલ પદ્ધતિથી બાગાયતી પાકોની ખેતી
રોહિતભાઈ રામુભાઈ પટેલ	વલસાડ	પ્રાકૃતિક રીતે મિશ્ર પાક પદ્ધતિથી ખેતી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની "એક પેડ માં કે નામ" પહેલમાં ખેતી બેન્ક ઉત્સાહપૂર્વક જોડાઈ

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 5 જૂન 2024ના રોજ પર્યાવરણ દિવસ નિમિત્તે "એક પેડ માં કે નામ" અભિયાનની શરૂઆત કરી હતી. તેમાં તેમણે દરેકને પોતાની માતાના નામે એક પીપળાનું વૃક્ષ વાવવાની અપીલ કરી હતી. ખેતી બેન્ક તરફથી આ પહેલને ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. ગુજરાતના સહકારીતા સેલના વડા બિપિનભાઈ પટેલે પણ રાજ્યની સહકારી બેન્કો તથા મંડળીઓને આ ઉમદા પહેલમાં જોડાવા માટે આહવાહન કર્યું હતું. ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ બેન્કની અમદાવાદ ખાતે આવેલી હેડ ઑફિસમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમણે પોતે પણ આ દિવસે વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત ખેતી બેન્કની હેડ ઑફિસના કર્મચારીઓ, જિલ્લા કચેરીના કર્મચારીઓ તથા તમામ શાખાઓના કર્મચારીઓએ ઉત્સાહભેર માતાના નામે વૃક્ષારોપણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ પહેલને ખેતી બેન્કે ઉત્સાહભેર વધાવી લીધી હતી અને આ પૃથ્વીને હરિયાળી બનાવવા માટે પર્યાવરણ દિવસ નિમિત્તે મોટી સંખ્યામાં વૃક્ષો રોપ્યા હતા.

ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ પણ પર્યાવરણ દિવસે પીપળાનું વૃક્ષ વાવીને પહેલમાં પોતાનું યોગદાન આપ્યું

સહકારી મંડળીઓ ગ્રામીણ આર્થિક ને સામાજિક વિકાસનું મજબૂત માધ્યમ

ઘનશ્યામ અમિન કોસ્મોસ કોઓપરેટીવ બેન્કના ચેરમેનપદે

ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ યુનિયનના પ્રમુખ ઘનશ્યામ અમિનને કોસ્મોસ કોઓપરેટીવ બેન્કના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઘનશ્યામ અમિનની આ મોટી સિદ્ધિ છે, કારણ કે કોસ્મોસ કોઓપરેટીવ બેન્ક દેશભરની 1400 બેન્કોમાં અગ્રણી બેન્ક તરીકેનું સ્થાન ધરાવે છે. ઘનશ્યામ અમિન ત્રણ દાયકાથી વધુ સમયથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમને સહકારી ક્ષેત્રના આગેવાન તરીકે નામના મેળવેલી છે. તેમના અનુભવ અને આવડતને જોતાં તેમના નેતૃત્વમાં કોસ્મોસ બેન્ક નવી ઊંચાઈને હાંસલ કરે તેવી સંભાવના છે. કોસ્મોસ બેન્કને તેઓ વધુ લોકપ્રિય બનાવવાની કામગીરી કરી તેવી સંભાવના છે. લાંબા સમયથી કોસ્મોસ બેન્ક સાથે સંકળેયાલ ઘનશ્યામ અમિન પણ બેન્કના વિકાસને વેગ આપવા અને બેન્કને વધુ સદ્ધર બનાવવા માટે દરેક તકનો લાભ ઊઠાવવા મક્કમ છે. 2006ની સાલમાં કોઓપરેટીવ બેન્ક ઓફ અમદાવાદનું કોસ્મોસ બેન્કમાં વિલીનીકરણ કરવામાં આવ્યું ત્યારથી તેઓ આ સંસ્થાથી પરિચિત છે. કોસ્મોસ કોઓપરેટીવ બેન્ક સાત રાજ્યમાં 170થી વધુ શાખાઓનું નેટવર્ક ધરાવતી બેન્ક છે અને તેના 18 લાખ સભાસદો છે. કોસ્મોસ બેન્કનો કુલ બિઝનેસ રૂ. 35000 કરોડનો છે. ગુજરાતમાં કોસ્મોસ બેન્કે રૂ. 3000 કરોડનું ધિરાણ કરેલું છે. આ ધિરાણ ખાસ કરીને નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને કરેલું છે. કોસ્મોસ બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટરના ચેરમેન મિલિન્દ કાળેએ ઘનશ્યામ અમિનની ક્ષમતાઓ અંગે પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમના અનુભવથી બેન્કને ખાસ્સો ફાયદો થશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. ઉપપ્રમુખ પ્રવીણ ગાંધી અને મેનેજિંગ ડિરેક્ટર અપેક્ષિતા થિપ્સેએ ઘનશ્યામ અમિનને તેમની ચેરમેન તરીકેની નિમણૂક બદલ અભિનંદન આપ્યા હતા.

વિશ્વ સ્તરે સહકારી પ્રવૃત્તિનું મહત્વ એટલું બધું વધી ગયું છે કે, યુનોએ અને આઈ.સી.એ.પણ સહકારી પ્રવૃત્તિની જરૂરિયાતો અને તેની મહત્તાને સમજીને ૨૦૨૫ નું વર્ષ સમગ્ર વિશ્વમાં સહકારી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરી દીધું છે, એમ ગુજરાત રાજ્ય સહકારી સંઘ અધ્યક્ષ ઘનશ્યામ અમીને 65મી વાર્ષિક સાધારણ સભામાં બોલતા જણાવ્યું હતું.

સમારોહમાં ઉપસ્થિત સૌ સભાસદ ભાઈબહેનોને આવકારતાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સહકારી પ્રવાહોની માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે દિવસે દિવસે સહકારી પ્રવૃત્તિનું મહત્વ વિશ્વ કક્ષાએ વધતું જઈ રહયું છે. તેથી જ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશના આર્થિક વિકાસમાં સહકારી પ્રવૃત્તિને જોડીને દેશમાં "સહકારથી સમૃદ્ધિ" લાવવાનો સંકલ્પ જાહેર કર્યો છે. દેશના નાના અને મધ્યમવર્ગની આર્થિક સક્ષમતા માટે સહકારી પ્રવૃત્તિના માધ્યમ દ્વારા થઈ શકે તેમ હોવાનો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સાથે જ સહકારી સંસ્થાઓને દેશની આર્થિક ક્ષમતાના વિકાસમાં લાગી જવા તેમણએ અપીલ પણ કરી છે. ત્રણ વર્ષ અગાઉ ભારત સરકારના સહકાર મંત્રાલયનો જે અલગ વિભાગ બનાવેલ અને તેના મંત્રી તરીકે પીઢ સહકારી આગેવાન અમિત શાહને જવાબદારી સોંપી છે. આજે તેને ત્રણ વર્ષ પૂર્ણ થઈ ગયેલ છે અને ત્રણ વર્ષમાં સહકાર મંત્રાલયના મંત્રી અમિત શાહે વડાપ્રધાનના ધ્યેયને આગળ વધારવા માટે સહકારી ક્ષેત્રમાં "સહકારથી સમૃદ્ધિ" આવે તે માટે સંકલ્પ જાહેર કર્યો છે. તેને માટે દેશની બે લાખ જેટલી ગ્રામપંચાયતો છે તેટલી જ સહકારી મંડળીઓની રચના કરવા આવાહન કર્યું છે. અત્યાર સુધી સેવા સહકારી મંડળીઓ ફક્ત ખેડૂતો માટે ખાતર અને ધિરાણનું જ કામ કરતી હતી તેને બદલે સમગ્ર દેશમાં પેક્સ માટે મલ્ટીપરપઝ કામકાજ કરવાના મોડલ બાયલોઝ તૈયાર કરવામાં આવ્યા છે. જે મુજબ આખા દેશની લગભગ ૯૦,૦૦૦થી વધુ કૃષિ સહકારી મંડળીઓના એક સમાન બાયલોઝ કરી દેવામાં આવ્યા છે. પરિણામે હવે મંડળીઓ અનેકવિધ કામકાજ કરી શકશે. કૃષિ સહકારી મંડળીઓને ખાતર, વિતરણ અને ધિરાણ ઉપરાંત વડાપ્રધાન જનઔષધિ કેન્દ્રો, પેટ્રોલપંપ, ગેસની એજન્સીઓ ચલાવવાની, રેલવે અને વિમાન ટીકીટ પણ બુક કરી શકાશે. તેમ જ જનસેવા કેન્દ્ર તરીકે કામ કરી શકશે. આ રીતે ખેડૂત મંડળીઓની કામગીરી બહુવિધ કરી દઈને તેમની આવક વધારવાનો રસ્તો કેન્દ્ર સરકારે ખોલી આપ્યો છે. કૃષિ સહકારી મંડળીઓ ઉક્ત તમામ પ્રકારની કામગીરીઓ કરી શકે તે માટે તેમને તાલીમ-ટ્રેઈનિંગ આપવાની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. આ વ્યવસ્થાને કારણે ગામડામાં સહકારી મંડળીઓના સભાસદોના આર્થિક - સામાજિક વિકાસ અને પ્રગતિ માટેનું તે સબળ માધ્યમ બની રહેશે.

સેવા સહકારી મંડળીઓના કોમ્પ્યુટરાઈઝેશન અંગે માહિતી આપતા ઘનશ્યામ અમિને જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રૂા.૨૫૦૦ કરોડનું બજેટ ફાળવી દરેક મંડળીઓને કોમ્પ્યુટરાઈઝ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેનાથી સહકારી મંડળીઓના કામકાજમાં પારદર્શકતા આવે અને ઝડપી વહીવટ કરી શકાશે. રાષ્ટ્રીય સ્તરે ૫૦,૦૦૦ જેટલી મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશન પૂર્ણ થઈ ગયું છે તે પૈકી ગુજરાતમાં પણ આવી ૧૦,૦૦૦ મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશનનું કામ તબક્કાવાર કરવામાં આવશે. આમ ગામડાંની નાનામાં નાના વ્યક્તિને સહકારી પ્રવૃત્તિમાંથી તમામ સુવિધાઓ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં આપણે સૌએ જોડાઈને આ પ્રવૃત્તિને આગળ ધપાવવાની છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘની 65મી વાર્ષિક સાધારણ સભામાં ઘનશ્યામ અમિને વક્તવ્ય આપીને મિલેટ્સ પાક અંગે જાગૃતિ વધારવાનો પ્રયાસ કર્યોઃ 2025નું વર્ષ વિશ્વ સહકારી વર્ષ તરીકે ઉજવાશે

ઉપરાંત મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ એક્ટ હેઠળ નોંધાયેલ ત્રણ સર્વોચ્ચ સહકારી સંસ્થાઓની માહિતી આપતા ઘનશ્યામ અમિને જણાવ્યું હતું કે, ખાસ કરીને ખેડૂતો માટે તેમના ઉત્પાદિત માલના વેચાણ માટેના જે પ્રશ્નો હતા તે માટે સહકાર મંત્રી અમિત શાહે ભારત સરકાર થકી રાષ્ટ્રિય કક્ષાએ ત્રણ નવી સહકારી સંસ્થાની સ્થાપના કરી આ ત્રણ સંસ્થાઓમાં નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેનો સમાવેશ થાય છે. આ સંસ્થા ખેડૂતોએ તેમના ઉત્પાદિત માલને સારૂ પેકિંગ કરી પરદેશ સુધી મોકલવાની જવાબદારી અદા કરી રહી છે. આમ ખેત ઉત્પાદનને સારી રીતે પેકિંગ કરી ખેડૂતો આ સંસ્થા ધ્વારા એક્સપોર્ટ કરી શકશે અને તેનું વધારેમાં વધારે વળતર ખેડૂતોને મળશે.

બીજી સંસ્થા નેશનલ કક્ષાની સહકારી સંસ્થા છે. નેશનલ બીજ કો-ઓપરેટિવ લિમિટેડ રાષ્ટ્રિય કક્ષાએ ઉભી કરી છે. તેમાં ખેડૂતોને સુધારેલા અને સર્ટિફાઈડ બીજ ઉત્પાદિત કરી તેનું વિતરણ કરવાની કામગીરી તથા અન્ય દેશોમાંથી સર્ટિફાઈડ બીજ મંગાવી ખેડૂતોને સારૂં બિયારણ મળી રહે તેવી કામગીરી હાથ ધરી રહેલ છે. જેના કારણે ખેડૂતોને સારૂં બિયારણ મળતાં તેનું વધારે ઉત્પાદન કરી ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો થઈ રહ્યાં છે.

ત્રીજી નેશનલ કક્ષાની નેશનલ ઓર્ગેનિક સહકારી લિમિટેડ ઓર્ગેનિક ખેતી કરતાં ખેડૂતો ઓર્ગેનિક પ્રોડક્ટ્સનું માર્કેટ અપાવવામાં મદદ કરે છે. ઓર્ગેનિક ખેતી કરનારાઓને તેમના ઉત્પાદનનું અલગ બજાર મળતું નહોતું. તેની સામે તેમની ઉત્પાદન ઓછું મળવાની ફરિયાદ પણ હતી. આ સ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરની સંસ્થાના માધ્યમથી ખેડૂતોના ઓર્ગેનિક ઉત્પાદનને રાષ્ટ્રિય કક્ષાએ ઊંચા ભાવ અપાવી ખેડૂતોની આવક વધારવામાં ખૂબ મોટું યોગદાન આપવાની કામગીરી આ સંસ્થા કરી રહી છે.

ઘનશ્યામ અમીને રાજ્ય સહકારી સંઘની કામગીરીનો વિગતે વિસ્તૃત ચિતાર રજૂ કર્યો હતો. અને મિલેટ્સ અંગે માહિતી આપી હતી. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિલેટ્સનો પ્રચાર પ્રસાર થાય તે માટે સહકારી સંસ્થાઓને અપીલ કરી હતી. મંડળીઓના સભાસદો સુધી મિલેટ્સની જાણકારી પહોચાડવામાં આવે તેવો તેમનો આગ્રહ હતો. ખેડૂતોને પણ પુરતી સમજ આપવામાં આવે એમ તેઓ માનતા હતા. મિલેટ્સમાં બાજરી, જુવાર, નાગલી, કોદરી, રાગી વગેરે ધાનનો સમાવેશ થાય છે. વડાપ્રધાનની દીર્ઘદ્રષ્ટિ પણ તેમાં છલકાય છે. મિલેટ્સ ઉગાડવા માટે ખેડૂતોને ફળદ્રુપ જમીનની જરૂર નથી, એટલે કે બીનઉપજાઉ જમીનમાં પણ થાય છે. દેશમાં ખેડૂતોની હજારો એકર જમીન બીનઉપજાઉ છે તેનો ઉપયોગ થઈ શકે છે. તથા ઓછા પાણી અને ઓછા ખાતરથી આ પાક તૈયાર થાય છે. તેથી ખેડૂતોને ખર્ચ ઓછો આવે છે. વળી તેમાં અનેક વિટામિન અને ફાઈબરની માત્રા વિશેષ રહેલી છે. તથા પચવામાં સરળ અને હલકા હોય છે, તેથી આરોગ્યની દ્રષ્ટિએ આ ખોરાક વધુ ઉપયોગી છે. બીજીતરફ ઘઉ અને ચોખા જેવા પાકોને ઉગાડવા માટે ફળદ્રુપ જમીન, વધુ રાસાયણિક ખાતર અને પાણીની જરૂરિયાત રહે છે. આથી મિલેટસની ખેતી કરવાથી ખાતર અને પાણીની બચત થાય છે.

કોસ્મોસ બેન્કમાં વિલીન થઈ ગયેલી કોઓપરેટીવ બેન્ક ઓફ અમદાવાદના ચેરમેન તરીકે 2006 ઘનશ્યામ અમિન સેવા આપી ચૂક્યા છે

જેનો ખેડૂતોને સીધો જ આર્થિક ફાયદો થાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર મિલેટ્સને પ્રાધાન્ય આપી રહી છે તેના ભાગરૂપે રાજ્ય સહકારી સંઘ દ્વારા સભાસદોને મિલેટ્સના ધાનનો અનુભવ થાય તે માટે ચાર ધાન (બાજરી, જવ, જુવાર અને રાગી)ના એક એક કિલોના લોટના પેકેટની કીટ અને રેસેપીની પુસ્તિકા તૈયાર કરી મહાનુભાવોના વરદહસ્તે સભાસદોને વિનામૂલ્યે વિતરણ કરેલી છે.

નેશનલ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલોપમેન્ટ બેન્ક્સ ફેડરેશન (NAFCARD) અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલોપમેન્ટ બેન્કના પુનઃ ચેરમેન તરીકે ચૂંટાતા રાજ્ય સહકારી સંઘના ડિરેક્ટર ડોલરરાય કોટેચાનું, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશનના પુનઃ ચેરમેન તરીકે ચૂંટાતા રાજ્ય સહકારી સંઘના ડિરેક્ટર, રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી, અને હાલના સાસંદ નરહરિ અમીનનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સભામાં સૌ ઉપસ્થિતોને હૃદયના ઉમળકાથી આવકારી સ્વાગત કરતાં માનદમંત્રી અરવિંદ તાગડિયાએ જણાવ્યું હતું કે ચેરમેન ઘનશ્યામ અમીનના નેતૃત્વ હેઠળ રાજ્ય સહકારી સંઘ પ્રગતિ કરી રહ્યો છે. સંઘની સહકારી શિક્ષણ અને તાલીમની કામગીરીથી સહકારી મંડળીઓને અનેક પ્રકારના માહિતી ને માર્ગદર્શન મળે છે. રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે થયેલ કામગીરી લઈ આવક જાવકના અંદાજપત્ર વાર્ષિક હિસાબો રજુ કરતાં સૌ સભાસદોએ મંજૂર કર્યા હતાં. આભારવિધિ સંઘના એક્ઝિક્યુટિવે કરી હતી. ગુજરાત રાજ્ય સહકાર સેલના સંયોજક અને ગુજકોમાસોલના ઉપાધ્યક્ષ બિપીન પટેલ-ગોતા પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

સહકારી ક્ષેત્રનું રત્ન, કિરીટ ભાનુશંકર ઉપાધ્યાય

સહકારથી સમૃદ્ધિની સફર કરાવનાર અજોડ હમસફર

એક સમય હતો જ્યારે ગુજરાતની છ જિલ્લા સહકારી બેન્કો ભારે તકલીફમાં હતી. આ છ બેન્કોમાં પંચમહાલ, વડોદરા, જૂનાગઢ, અમરેલી, જામનગર અને કચ્છ જિલ્લા બેન્કનો સમાવેશ થાય છે. કોડિનારની બેન્ક પણ ફરી ધમધમતી થઈ. તેમાંય પંચમહાલ જિલ્લા સહકારી બેન્કની ખોટ તો રૂ. 380 કરોડની આસપાસની હતી. વૈદ્યનાથન કમિટીના અહેવાલના અમલીકરણના ભાગ હેઠળ પંચમહાલ જિલ્લા સહકારી બેન્કને રૂ. 380 કરોડ અપાવીને તેને ધમધમતી કરવાનો યશ જાય છે કિરીટ ભાનુશંકર ઉપાધ્યાયને. પંચમહાલ જિલ્લા સહકારી બેન્ક ચાલુ થવાની કોઈને ધારણા નહોતી. લોકોની આ ધારણાને કિરીટ ઉપાધ્યાયે ખોટી પાડી દેખાડી. આ જ પ્રકારનું બીજું ઉદાહરણ છે વડોદરા જિલ્લા સહકારી બેન્કનું. રૂ. 160 કરોડની ખોટના ખાડામાં ઉતરી ગઈ હતી વડોદરા જિલ્લા સહકારી બેન્ક. પંદર વીસ વર્ષથી બેન્ક લંગડાતી હતી. તેને પણ ફરીથી ટટ્ટાર કરી દેખાડી. આ રીતે છ જિલ્લા સહકારી બેન્કને વૈદ્યનાથનના રિવાઈવલ પેકેજની મદદથી ફરી બેઠી કરી દેખાડી હતી. આમ અદ્ધર થવા માંડેલા સહકારી ક્ષેત્રને આધુનિકતાનો ઓપ આપવા અને તેની સદ્ધરતા વધારવા માટે માટે વૈદ્યનાથન કમિટીના અહેવાલનો અમલ કરવો જરૂરી હતો. પરંતું તેના અમલીકરણમાં વિલંબ થતો હતો. સંયુક્ત રજિસ્ટ્રાર (ધિરાણ) તરીકેના કે.બી. ઉપાધ્યાયના કાર્યકાળ દરમિયાન તેનો અમલ કરવાના શ્રેષ્ઠ અને સફળ પ્રયાસો કે.બી. ઉપાધ્યાયે કર્યા હતા. તેમના પ્રયાસોને પરિણામે જ વૈદ્યનાથન કમિટીના અહેવાલનો અમલ કરવામાં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું હતું.

નાના અને સીમાંત ખેડૂતોને ધિરાણ આપવાનું કામ બહુધા સહકારી મંડળીઓ જ કરે છે. આ સહકારી મંડળીઓને ધિરાણ માટેના નાણાં જિલ્લા સહકારી બેન્કોના માધ્યમથી મળે છે. નેશનલાઈઝ બેન્કો તેમને પગ મૂકવા દેતી નહોતી. ખાનગી બેન્કોને તેમનો હાથ ઝાલવામાં નહિ, તેમને તરછોડવામાં જ રસ હોય તેવી સ્થિતિ હતી. તેમને સતત ધિરાણ મળતું રહે તેવી કામગીરી જિલ્લાસહકારી બેન્કોને રિવાઈવ કરવાની કામગીરી કરીને કિરીટ ભાનુશંકર ઉપાધ્યાયે નાના અને સીમાંત ખેડૂતોને ધિરાણ મળતું રહે તે માટેની કામગીરી પ્રભાવક રીતે પાર પાડી દેખાડી હતી. ગોધરાના આસિસ્ટન્ટ કલેક્ટરની રૂએ ડિસ્ટ્રીક્ટ લેવલ કન્સલ્ટેટીવ કમિટીના સભ્ય બન્યા પછી તેમને જોવા મળ્યું કે પંચમહાલ જિલ્લાના કૃષિ ધિરાણો 10 વર્ષથી પેન્ડિંગ પડ્યા છે. કૃષિ ધિરાણના ફસાયેલા નાણાં રિકવર કરી શકાયા ન હોવાથી દસ વર્ષ સુધી ખેડૂતોને નવું ધિરાણ મળ્યું નહોતું. પરિણામે નાના-સીમાંત ખેડૂતો રઝળી પડ્યા હતા. કૃષિ ધિરાણના નાણાં રિકવર કરીને ધિરાણ ફરીથી ચાલુ કરાવ્યું. તેથી જ પંચમહાલ જિલ્લા બેન્ક પાછી ધમધમતી થઈ ત્યારે તેના નવા ચેરમને તરીકે નિયુક્ત થયેલા જેઠાભાઈ આહિરે પણ કબૂલ્યું હતું કે, "પંચમહાલ જિલ્લા સહકારી બેન્કને નવું જીવન આપનાર કિરીટ ઉપાધ્યાય જ છે." જેઠાભાઈના આ નિવેદને કિરીટ ઉપાધ્યાયને સંતોષની અનુભૂતિ કરાવી હતી. નાના અને સીમાંત ખેડૂતોને માટે કંઈક કરી શક્યાનો એ સંતોષ હતો. આમેય તેમનું જીવન જનસેવા એ જ પ્રભૂ સેવાના સિદ્ધાંતને વરેલું હતું.

આમ 2006થી 2008ના ગાળામાં વડોદરામા હતા ત્યારે જિલ્લા સહકારી બેન્કના ફસાયેલા નાણાં રિકવર કરી આપવાની પ્રભાવક કામગીરી કે.બી. ઉપાધ્યાયે પાર પાડી દેખાડી હતી. તેમણે સરકારી દેવા માફીની યોજનાનો મહત્તમ લાભ લઈ કે અપાવીને ફસાયેલી મૂડી ઓછી કરવામાં ઘણી જ પ્રભાવક કામગીરી કરી દેખાડી હતી. જિલ્લાની પ્રાથમિક કૃષિ સહકારી મંડળી-પેક્સની કામગીરી સાથે પણ કે.બી. ઉપાધ્યાય સંકળાયેલા હતા. તેમણે પેક્સ માટેના પ્રુડેન્શિયલ નોર્મ્સનો અમલ કરવાના પ્રયાસ રૂપે સમગ્ર જિલ્લાના કામ ન અટવાઈ જાતેની કાળજી રાખી હતી. જિલ્લા રજિસ્ટ્રાર તરીકે જિલ્લાઓની બેન્કોમાં કે સંસ્થાઓમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે સક્રિય હોવાથી જિલ્લા સહકારી બેન્કોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં કે.બી. ઉપાધ્યાયે ખાસ્સો રસ લઈને સમસ્યાનું સમાધાન પણ કરી આપ્યું જ હતું.

ખેતી બેન્કના એમ.ડી. તરીકે નિયુક્ત થયા પછી ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાની પ્રેરણાથી તેઓએ રિકવરી અને ધિરાણની કામગીરીને નવી ઊંચાઈએ લઈ જવામાં મહત્વનું કામ કર્યું છે કે.બી.

કડકડતી ઠંડીને કારણે શાળામાં આવવાનું ટાળતાં 21000 આદિવાસીઓને શહેરની શાળાઓ કરતાંય સારા યુનિફોર્મ અપાવીને શાળાએ ફરી આવતા કર્યા

ઉપાધ્યાયે. ખેતી બેન્કે 2023-24ના વર્ષમાં તેની તવારીખનું સૌથી વધુ ધિરાણ એટલે કે રૂ. 375 કરોડનું ધિરાણ કર્યું હતું. આ જ વર્ષ દરમિયાન તેમણે જૂના ફસાયેલા નાણાંમાંથી રૂ. 350 કરોડની રિકવરી કરી દેખાડી હતી. તેને માટે વનટાઈન સેટલમેન્ટની યોજનાનો ખાસ્સો લાભ પણ લીધો હતો. છેલ્લા વીસ માસમાં તો તેમણે ગયા ખાતે ગણી લેવાયેલા રૂ. 140 કરોડ ખેતી બેન્ક માટે રિકવર કરી દેખાડ્યા હતા. આમ રૂ. 140 કરોડ ફરી રોટેશનમાં આવી જતાં બેન્કના નફામાં વધારો થયો છે. બેન્કનું ટર્નઓવર વધી જતાં બેન્કની આવકમાં રૂ. 15 કરોડ જેટલો વધારો થઈ ગયો. વન ટાઈમ સેટલમેન્ટના પહેલા તબક્કામાં રૂ. 53 કરોડ અને બીજા તબક્કામાં રૂ. 59 કરોડ રિકવર કરી દેખાડ્યા હતા. પરિણામે ગુજરાતની ખેતી બેન્ક ઝીરો એનપીએ બેન્ક બની છે. એનપીએની જોગવાઈ કરતાં ખેતી બેન્ક પાસે રૂ. 48 કરોડ એક્સેસ (વધારે) પડ્યા છે. આમ 177 બ્રાન્ચ ધરાવતી બેન્કને સદ્ધર કરીને તેને પ્રોફિટ કરતી કરી દેખાડી છે. તેમ જ કોર બેન્કિંગ સોલ્યુશન પણ લાવ્યા છે.

આમ તો આખી જિંદગી તેમને આઈએએસ અધિકારી તરીકે ગુજરાત સરકારને સેવાઓ આપેલી છે. 2006થી 2011 સુધી તેમણે ગુજરાત સરકારમાં સહકાર વિભાગમાં જોઈન્ટ રજિસ્ટ્રાર તરીકે સેવાઓ આપેલી હતી. ખેતી બેન્ક એટલે સહકાર. ખેડૂતોને સહકાર આપી સમૃદ્ધિ સુધીની સફર કરાવવાની મૂળભૂત નેમ સાથે જ સક્રિય થયેલી બેન્ક છે. આ નેમને પાર પાડવાના તેમના પ્રયાસો સહકાર વિભાગના અધિકારી તરીકેની કારકિર્દી દરમિયાન સતત જોવા મળ્યા હતા. જોઈન્ટ રજિસ્ટ્રાર(ધિરાણ) તરીકે કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીઝ-ગાંધીનગર ખાતે તેમણે બજાવેલી ફરજના અનુભવને પુરો કામે લગાડ્યો હતો.

ગરીબ આદિવાસીઓ તરફ હમદર્દી હોવાથી 2012થી 2015ના તેમના જિલ્લા વિકાસ અધિકારી તરીકેના વ્યારા અને તાપી જિલ્લાના કાર્યકાળમાં તેમણે આદિવાસીઓ માટે આજીવિકા રળવા માટેની તક નિર્માણ કરવાની કામગીરી ઘણી જ સારી રીતે કરી દેખાડી હતી. આદિવાસીની જમીન અન્ય કોઈ ખરીદી ન શકે તેવી કાયદામાં જોગવાઈ હતી. માત્ર આદિવાસી જ બીજા આદિવાસીની જમીન ખરીદી શકે તેવી કાનૂની વ્યવસ્થા હતી. બિન આદિવાસીએ આદિવાસીની જમીન ખરીદવી હોય તો આદિવાસીના ભરણપોષણ પૂરતી જમીન રહેતી હોય તો જ અન્ય વ્યક્તિ તેમની જમીન ખરીદી શકતા હતા. તેમ થાય તો જ જિલ્લા વિકાસ અધિકારી આદિવાસીઓને જમીન આપી શકતા હતા. કેન્સર જેવી બીમારી કે અન્ય કોઈ કારણોસર જમીન વેચવાને લગતા 150થી 200 આદિવાસીઓના કેસોનું નિરાકરણ તેમણે લાવી દેખાડ્યું હતું. હા, આદિવાસીઓની આજીવિકા ન જાય તે રીતે તેમની જમીનના સોદાઓ કરાવી આપ્યા છે. કિરીટ ઉપાધ્યાયની આ કામગીરીથી પ્રભાવિત થઈને 80 વર્ષના આદિવાસી વૃદ્ધ તેમને પગે લાગ્યા હતા.

જેઠાભાઈ આહિરે પણ કબૂલ્યું હતું કે, "પંચમહાલ જિલ્લા સહકારી બેન્કને નવું જીવન આપનાર કિરીટ ઉપાધ્યાય જ છે."

ખાડે જવાને આરે આવીને ઊભેલી ગુજરાતની છ જિલ્લા બેન્કોને વૈદ્યનાથન રિવાઈવલ પેકેજનો લાભ અપાવીને ફરી ધમધમતી કરી દેખાડી

નાના અને સીમાંત ખેડૂતોને ધિરાણ મળવાનું સતત ચાલુ રહે તે માટે પંચમહાલ અને વડોદરા જિલ્લા સહકારી બેન્કની ફસાયેલી મૂડી રિકવર કરી દેખાડી

આમ કિરીટ ઉપાધ્યાયે કારકિર્દી દરમિયાન સામાન્ય જનનો આદર પણ મેળવ્યો છે. પંજમહાલ જિલ્લાના આદિવાસીની જમીન પચાવી પાડવાના કેસમાં વર્ષોથી કલેક્ટર કચેરીના ધક્કા ખાતા આદિવાસીને તેની જમીન અપાવી હતી. આમ બ્રાહ્મણ તરીકે માત્ર પ્રભુ સેવા કરવાને બદલે જનસેવાના માધ્યમથી કિરીટ ઉપાધ્યાયે પ્રભુસેવા કરી છે. આ રહ્યું તેનુંય એક ઉદાહરણ. આદિવાસી જિલ્લામાં બાળકો પાસે કપડાં ન હોવાથી શિયાળામાં શાળાએ આવતા જ નહોતા. 2018માં આ વાત સાંભળ્યા પછી આ બ્રાહ્મણ જીવની અનુકંપા જાગી ઊઠી. જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થાના વડા તરીકે તેમણે 21000 વિદ્યાર્થીઓ માટે કપડાંના ટેન્ડર મંગાવ્યા. આ ટેન્ડરમાં ચીંથરા જેવા કપડાંના સેમ્પલ સાથેના ટેન્ડર આવ્યા. કિરીટ ઉપાધ્યાયને સંતોષ ન થયો તેમણે અટિરામાંથી તાણા વાણાની સંખ્યા સાથેના શ્રેષ્ઠ કાપડના પેરામીટર્સ મંગાવ્યા. આ પેરામીટર્સ પ્રમાણે 21000 બાળકો માટે 84000 યુનિફોર્મ તૈયાર કરાવડાવીને તેમને અપાવ્યા અને શિયાળાની કડકડતી ઠંડીમાં તેમને સ્કૂલમાં આવતા કર્યા હતા. તેમણે આપેલા યુનિફોર્મની ગુણવત્તા શહેરની શાળાઓના વાલીઓને ફરજિયાત ખરીદવાની ફરજ પાડવામાં આવતા યુનિફોર્મની ગુણવત્તા કરતાંય સારી હોવાનું સાબિત થયું હતું. તેને માટે રૂ. 1.10 કરોડનો માતબર ખર્ચ પણ કર્યો હતો. આ જ અરસામાં વ્યારા અને તાપીમાં 2700 સખી મંડળોને રૂ. 15 કરોડ સુધીની લોન આપવાની વ્યવસ્થા કરી હતી. તેમની કુનેહ અને આદિવાસી પ્રજાની નિષ્ઠા બંને આ સમયમાં દેખાઈ હતી. આ રૂ. 15 કરોડમાંથી એક પણ રૂપિયાની એનપીએ-નોન પરફોર્મિંગ એસેટ થઈ નહોતી. આ બહુ જ મોટી સિદ્ધિ છે. મહિસાગર જિલ્લાની રચના થઈ તે ગાળામાં જિલ્લામાં માળખાકીય સુવિધાને નામે મીંડું હતું. આ જિલ્લામાં 35 જેટલી નવી કચેરીઓ ઊભી કરવામાં તેમનું યોગદાન મહત્વનું રહ્યું છે. આ કચેરીઓ સ્થાપવા માટેની જમીન વિવાદ હેઠળ હતી. આ જમીનના વિવાદનું નિવારણ તેમણે લાવી દીધું. તેમાં 35 કચેરીઓ પણ ઊભી કરવામાં આવી અને જિલ્લા અદાલતની પણ શરૂઆત કરવામાં આવી હતી. આમ માળખાકીય સુવિધા ઊભી કરવામાં કે.બી. ઉપાધ્યાયની કામગીરી નોંધપાત્ર રહી છે.

આ જ અરસામાં કે.બી. ઉપાધ્યાયે સંકલિત બાળ વિકાસ યોજનાના ડિરેક્ટર તરીકેની કામગીરી પણ નિભાવી હતી. બાળ વિકાસ યોજનાના ડિરેક્ટર તરીકે કિશોર વયની દીકરીઓ અને સગર્ભા સ્ત્રીઓમાં વિતરણ કરવામા આવતા પ્રીમિક્સની અછતને કારણે સર્જાયેલી વિષમ સ્થિતિમાં પણ ગુજરાતના જુદાં જુદાં જિલ્લાઓમાં પ્રીમિક્સની વિતરણ પ્રક્રિયાને બહુ જ સરળતાથી અને અસરકારક રીતે પાર પાડી દેખાડી હતી. આમ બાળકોમાં કુપોષણ ઓછું કરવાની કામગીરી તેમણે ઘણી જ સારી રીતે કરી હતી. ભાવનગરના જિલ્લા રજિસ્ટ્રાર તરીકે કે.બી. ઉપાધ્યાયે કોઓપરેટીવ સોસાયટીઝના રજિસ્ટ્રાર તરીકે વર્ધમાન કોઓપરેટીવ બેન્કના લિક્વિડેટર તરીકે સરાહનીય કામગીરી કરી હતી. અર્બન

કોઓપરેટીવ સોસાયટીઓ અને અર્બન કોઓપરેટીવ બેન્કોની જટિલ નાણાકીય સમસ્યાઓનો ઉકેલ લાવવામાં તેમણએ સારી કામગીરી કરી હતી. 2006થી 2011ના ગાળામાં તેમણે રાજકોટ ખાતે ડિવિઝનલ સ્પેશિયલ ઓડિટર તરીકે પણ સેવા આપી હતી.. અલબત્ત 1984થી 1989ના ગાળામાંતેમની કારકીર્દિનો આરંભ વેચાણ વેરા ઈન્સ્પેક્ટર તરીકે કર્યો હતો. છતાંય આજે સહકારી ક્ષેત્રના અદના સેવક તરીકે અને સંતોષની લાગણી સાથે નિવૃત્ત થઈ રહ્યા છે.

કૃષિ વિચાર



મોદી 3.0માં અમિત શાહના નેતૃત્વમાં સફળતાના શિખરો સર કરવા સહકારી ક્ષેત્ર તત્પર

Content & Design: વાઇબ્રન્ટ ઉદ્યોગ|Contact: 9998373183 | E-mail: vibrantudyog@gmail.com | Address: 1104, Iconic Shyamal, Shyamal Cross Road, Ahmedabad.